**સુવિચાર**
હવેનાં જમાનામાં રોટી-કપડાં-મકાનથી સંતોષ નથી. નવી જરૂરતો ઉભી કરવી એ સાહસ છે અને પૂરી પાડવીએ વ્યવસાય છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૨/૦૮/૨૦૨૩, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ અ.શ્રાવણ વદ-૧૧ વર્ષ : ૧૫ અંક : ૨૦૫

### રાજયનાં આરોગ્ય વિભાગે નિર્ણય કર્યો હોય ચુકવવામાં શું તકલીફ છે

# ભાઈ સા'બ : અંધાપાકાંડનો ભોગ બનનારને વળતર તો ચુકવો

**થોડા દિવસો પહેલા રાજયનાં આરોગ્ય મંત્રીએ હોસ્પિટલનાં ટ્રસ્ટી મંડળને ૨ થી ૧૦ લાખનું વળતર ચુકવવા જણાવેલ**

**૧૨ દર્દીઓને આંખમાં સામાન્યથી લઈને સંપૂર્ણ નુકસાન થયાનું બહાર આવેલ**

**છેલ્લા ૩-૪ દિવસથી પીડિતો તેમનાં પરિવારજનો સાથે હોસ્પિટલમાં ધકકા ખાતા હોય કોઈ મદદ મળતી નથી**

**સોમવાર સુધીમાં આર્થિક સહાય પીડિતોને ન મળે તો મંગળવારથી આંદોલનની ચીમકી**







અમરેલી, તા. ૧૧
અમરેલીની શાંતાબા મેડિકલ અને જનરલ હોસ્પિટલમાં થયેલ મોતીયાકાંડમાં ભોગ બનનાર ૧૨ દર્દીઓને રૂપિયા ૨ થી ૧૦ લાખની સહાય ન મળતાં છેલ્લા ૨-૩ દિવસથી ભોગ બનનાર વૃધ્ધો તેમના પરિવારજનો સાથે ધકકા ખાઈ રહ્યા હોય સોમવાર સુધીમાં ન્યાય ન મળે તો મંગળવારે આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે.

વિગત એવા પ્રકારની છે કે, અમરેલીની શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલમાં ગત નવેમ્બર મહિનામાં અનેક ગરીબ અને મધ્યમવર્ગીય દર્દીઓ પોતાની આંખનાં મોતીયાનાં ઓપરેશન માટે આવેલ અને કોઈ બેદરકારીનાં કારણે ૧૨ દર્દીઓને આંખમાં સામાન્યથી લઈને સંપૂર્ણ દ્રષ્ટિ ગુમાવી દીધાની ઘટના બની હતી.

બાદમાં આ પ્રકરણે મીડિયામાં સ્થાન લેતા રાજય સરકારનાં આરોગ્ય વિભાગે તપાસ સમિતિ નીમીને તટસ્થ તપાસ કરાવતાં હોસ્પિટલની બેદરકારીથી ૧૨ દર્દીઓની આંખમાં નુકસાન થયાનું બહાર આવતા જે અનુસંધાને રાજયનાં આરોગ્ય મંત્રીએ ૨૦ જુલાઈનાં રોજ પત્રકારો સમક્ષ જે ૧૨ દર્દીઓ ભોગ બનેલ છે તેમને રૂપિયા ૨ લાખથી ૧૦ લાખ સુધીનું આર્થિક વળતર ચુકવવા સહિતનો

**અનુસંધાન પાના ૬ ઉપર**

### ટાઢ, તડકો અને વરસાદ સહન થતો ન હોય પરેશાન બની

## અમરેલીમાં ડો. જીવરાજ મહેતાની પ્રતિમા સામે બેસીને ગૌ-માતા ન્યાય માંગતી હોય તેવું દ્રશ્ય ઉભુ થયું

**શહેરજનોમાં પણ ગૌ-માતાને સલામત સ્થળ મળવું જોઈએ તેવી લાગણી ઉભી થઈ**



અમરેલી, તા. ૧૧
અમરેલીનાં હાર્દસમા ચોકમાં ડો. જીવરાજ મહેતાની પ્રતિમા લગાવવામાં આવી છે અને સ્ટેશન રોડ અને નાગનાથ રોડ એટલે કે બન્ને રોડ ઉપર ડો. જીવરાજ મહેતા પાસે પોતાની વ્યથા વર્ણવતી હોય તે રીતે ગૌ-માતા સામૂહિકરૂપે બેઠી હોય તેવું દ્રશ્ય જોવા મળ્યું હતું.

અમરેલીમાં છેલ્લા ૨૦ વર્ષથી ગૌ-માતા ટાઢ, તડકો અને વરસાદ સહન કરી રહી છે. અવારનવાર વાહનોનાં અકસ્માતનો ભોગ બને છે, જયાં ત્યાં હડધુત થાય છે, ગંદકી ફંફોળીને પોતાનું પેટ ભરતી ગૌ-માતાનું દ્રશ્ય જીવદયા અને ધર્મપ્રેમીઓમાં અરેરાટી ઉભી કરી જાય છે.

આજે સાંજે કુદરતી રીતે ઉભુ થયેલ દ્રશ્ય નિહાળીને ચોકમાંથી પસાર થતાં શહેરીજનો પણ ગૌ-માતાને સુવિધાસભર વ્યવસ્થા મળવી જોઈએ તેવી લાગણી વ્યકત કરતાં જોવા મળ્યા હતા.

### દામનગરનાં ઠાંસા માર્ગ પરની ઘટના

## કાકા-કાકીની માથાકૂટમાં વચ્ચે પડેલા ભત્રીજા તથા ૭ વર્ષની પુત્રી ઉપર પાઈપ વડે હુમલો

અમરેલી, તા. ૧૧
દામનગરનાં ઠાંસા રોડ ઉપર રહેતા પ્રવિણભાઈ ભાભલુભાઈ વાઘેલા પોતાના પરિવાર સાથે ગઈકાલે સાંજના સમયે ઘરે હતા ત્યારે તેમના

**અનુસંધાન પાના ૬ ઉપર**









### અમરાપરા ગામનાં ખેડૂત પાસેથી રૂપિયા ૧૩ લાખ ઉછીના લીધા હતા

# ચમારડીનાં કિસાન સંઘનાં અગ્રણીને ચેક રીટર્ન કેસમાં એક વર્ષની સજા

## ઉછીનાં નાણા પેટે આપેલ ચેક રીટર્ન થતાં સજા

બાબરા, તા. ૧૧

બાબરા તાલુકાનાં ચમારડી ગામનાં ખેડૂત અને જિલ્લા કિસાન સંઘનાં આગેવાન લાલજીભાઈ રવજીભાઈ વસ્તરપરાને ધંધાર્થે રૂપિયાની જરૂરિયાત હોય જેઓએ બાબરા તાલુકાનાં અમરાપરા ગામના ખેડૂત કાથડભાઈ માણસીયાભાઈ વાળા પાસેથી રૂપિયા ૧૩ લાખ હાથ ઉછીનાં વર્ષ ૨૦૧૭માં સાત–આઠ દિવસમાં પરત આપવાનું વચન અને વિશ્વાસ અને ભરોસો આપીને લીધેલા. આ રકમની લાલજીભાઈ પાસે ખેડૂત કાથડભાઈએ પરત માંગણી કરતા જેઓએ ચમારડી શાખાનો રૂા. ૧૩ લાખનો ચેક આપેલો. જે ચેક રીટર્ન થતાં જેઓને વકીલ મારફત ચેકની રકમ આપવા નોટીસ આપેલ. આમ છતાં ચેકની રકમ પરત ન કરતા જેઓ



એડવોકેટ



એડવોકેટ

વિરૂધ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટની કલમ ૧૩૮ મુજબ ફરિયાદ દાખલ કરેલ. આ કેસ બાબરા કોર્ટમાં ચાલી જતાં ફરિયાદી તરફી વકીલ વી.આર. સુસરા તથા ઝેડ.આઈ. જલવાણી દ્વારા લેખીત મૌખિક દલીલો તથા હાઈકોર્ટનાં ચુકાદાઓ રજૂ કરેલ. આ તમામ હકીકતો તથા પુરાવાઓ ધ્યાને લઈને બાબરાનાં સીવીલ જજ અને જયુ. મેજી.(ફક) એસ.સી. વાઘેલા દ્વારા આરોપી લાલજીભાઈ રવજીભાઈ વસ્તરપરાને તકસીરવાર ઠરાવી એક વર્ષની સજા અને ફરિયાદીને રૂા. ૧૩ લાખ વળતર ચૂકવવાનો તા. ૮/૮/૨૦૨૩ નાં રોજ હુકમ કરેલ છે.


### ધારી ગીર(પુર્વ) વન વિભાગને કરવી પડી કાર્યવાહી

# લ્યો બોલો : જંગલ વિસ્તારમાં પણ દેશીદારૂની ભઠ્ઠી ધમધમતી થઈ

## ગીર ગઢડાનાં ચીખલકુબા ગામનાં શખ્સની અટકાયત

ધારી, તા. ૧૧

ધારી ગીર (પુર્વ) વન વિભાગની તુલસીશ્યામ રેન્જનાં કોઠારીયા રાઉન્ડનાં ચીખલકુબા–૧ બીટનાં પ્રતિબંધીત અભ્યારણ્ય વિસ્તારમાં તા.૪/૮/૨૦૨૩નાં ગેરધોરણે પ્રવેશ કરી દેશી દારૂની ભઠ્ઠી ચલાવવાનાં ગુના કામે ધીરા નાનાભાઈ મકવાણા (ઉ.વ.૫૩) રહે. ચીખલકુબા, તા.ગીરગઢડા, ગીર (પુર્વ) વન વિભાગ, ધારીનાં નાયબ વન સંરક્ષક રાજદીપસિંહ ઝાલા, મદદનીશ વન



સંરક્ષક મનીષ ઓડેદરાનાં માર્ગદર્શન હેઠળ તુલસીશ્યામ રેન્જ ફોરેસ્ટ ઓફિસર આર.ડી.પાઠક, કોઠારીયા રાઉન્ડ ફોરેસ્ટર બી.જી.સોલંકી, બીટગાર્ડ, વી.કે.ઝરમરીયા, પી.ટી.ચાવડા તથા સ્ટાફ દ્વારા અટક કરી રૂા.૨૦,૦૦૦ (વીસ હજાર) દંડા વસુલ કીર ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ. તેમજ ઈન્ડીયન પ્રોહિબીશન એકટ અંતર્ગત ગીરગઢડા પોલીસ દ્વારા આરોપીને ગીરગઢડા કોર્ટમાં રજુ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ.

### ધારી ગીર (પૂર્વ) વન વિભાગની તુલસીશ્યામ રેન્જનાં કોઠારીયા રાઉન્ડમાં

# જંગલ વિસ્તારમાં ગેરકાયદેસર પ્રવેશ કરતા ઈસમોને વન વિભાગે ઝડપી પાડયા

## રૂપિયા ૬ હજાર દંડ કરી કાર્યવાહી કરાઈ

ઉના, તા. ૧૧

ધારી ગીર(પૂર્વ) વન વિભાગની તુલસીશ્યામ રેન્જનાં કોઠારીયા રાઉન્ડનાં ચીખલકુબા–૧ બીટનાં પ્રતિબંધીત અભ્યારણ્ય વિસ્તારમાં તા. ૬/૮/૨૦૧૩ નાં તુલસીશ્યામ રેન્જનાં કોઠારીયા રાઉન્ડની ચીખલકુબા–૧ બીટનાં અભ્યારણ્યનાં કંમ્પાર્ટમેન્ટ નં.૧ વિસ્તારમાં ત્રણ ઈસમો(૧) રમજાનભાઈ સંઘી (૨) યાસીદભાઈ સમા (૩) ભાભલુભાઈ ઉનડ ગેરધોરણે પ્રવેશ કરતાં ગીર(પૂર્વ) વન વિભાગ, ધારીનાં નાયબ વન સંરક્ષક રાજદીપસિંહ ઝાલા, મદદનીશ વન સંરક્ષક મનીષ આડેદરાનાં માર્ગદર્શન હેઠળ તુલસીશ્યામ રેન્જ ફોરેસ્ટ ઓફિસર આર.ડી. પાઠક, કોઠારીયા



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

રાઉન્ડ ફોરેસ્ટર બી.જી. સોલંકી, બીટગાર્ડ વી.કે. ઝરમરીયા, પી.ટી. ચાવડા તથા સ્ટાફ દ્વારા અટક કરી રૂા. ૬૦૦૦/– (છ હજાર) દંડ વસુલ કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવતી હતી.

# ચમારડી ખાતે જનતા વિદ્યાલયનાં નવનિયુકત આચાર્યનું સ્વાગત થયું



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા



બાબરા, તા. ૧૧

બાબરા તાલુકાનાં ચમારડી ગામે અમરેલી વિભાગ કેળવણી મંડળ બાબાપુર સંચાલિત શ્રી જનતા વિદ્યાલયમાં નવ નિયુકત આચાર્ય સુજીતકુમાર ત્રિવેદી હાજર થતાં શાળા પરિવાર અને વિદ્યાર્થીઓ દ્વારા ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

અહીં શાળાનાં તમામ સ્ટાફ મિત્રો દ્વારા નવા આચાર્યને શ્રીફળ અને સાકરનો પડો, શાલ તેમજ મોમેન્ટો આપી સહર્ષ આવકારી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

### નિસર્ગ ઈકો કલબ દ્વારા

# ગળકોટડી ખાતે પ્રાથમિક શાળા દ્વારા વિશ્વસિંહ દિવસની ઉજણી

## કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારે જહેમત ઉઠાવી





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા



ગળકોટડી, તા.૧૧

વિશ્વ સિંહ દિવસ નિમિત્તે નિસર્ગ ઈકો કલબ, ગળકોટડી પ્રા.શાળા દ્વારા મહારેલી તથા ''ધ લાઈન કવાઈઝ – ૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉજવણીમાં વન વિભાગમાંથી આર.બી.પરમાર વનપાલ, આર.આર.પઢારિયા ફોરેસ્ટ ગાર્ડ, એચ.જે.ખેર, પી.કે.નાંદવા ફો.ગાર્ડ સ્પેશિયલ, અલ્તાફ માલવિયા, રમજનભાઈ સૈયદ ઉપસ્થિત રહયા હતા. સૌ પ્રથમ શાળાનાં વિદ્યાર્થીઓ તથા સ્ટાફ સિંહનાં મ્હોરા સાથે રેલી સ્વરૂપે સમગ્ર ગળકોટડી ગામમાં ફર્યા હતા. ત્યારબાદ, સભા સ્વરૂપે શાળા પટાંગણમાં એકત્રિત થયા હતા. જયાં સહુ સાથે મળી સિંહોનાં સરંક્ષણ માટેનાં સંકલ્પો લીધા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓ માટે કિવઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ત્રણ ટીમોએ ભાગ લીધો હતો. વિજેતા ટીમને વન વિભાગનાં અધિકારીઓનાં હસ્તે ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાનાં આચાર્ય તથા ઈકો ઈન્ચાર્જ દીપકભાઈ આર.દવેએ કર્યુ હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળા પરિવારનાં ભાઈઓ–બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### ''વિશ્વ સિંહ દિને'' સિંહોનાં કુદરતી મોત થયા

# બગસરાનાં રેવન્યુ અને દલખાણીયા રેન્જમાં બીમારી સબબ સિંહ અને સિંહણનું મોત

## કોઈ બીમારી ફેલાયેલ છે કે કેમ તેની ચોખવટ જરૂરી



અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લાનાં ધારી ગીર પૂર્વના દલખાણીયા રેન્જમાં આવેલ રામગઢ બીટમાં ગઈકાલે વિશ્વ સિંહ દિવસે જ ૧૨ વર્ષનાં સિંહનું મોત નિપજયું હતું. જયારે બીજા બનાવમાં બગસરાનાં રેવન્યુ વિસ્તારમાં પણ એક સિંહણનું મોત નિપજતા સિંહ પ્રેમીઓમાં ભારે શોક છવાયો છે. આમ અમરેલી જિલ્લામાં એક માસમાં વધુ બે સિંહોના મોત થયાનું પણ જાણવા મળેલ છે.

આ પ્રથમ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ ગઈકાલે અમરેલી જિલ્લામાં રાજકીય આગેવાનો, સામાજિક આગેવાનો, વનવિભાગનાં અધિકારીઓ સહિતનાં આગેવાનો વિશ્વ સિંહ દિવસની ધૂમધામથી ઉજવણી કરતા હતા અને તે અંગેની પ્રસિધ્ધિ મેળવવા માટે ફોટા સેશન કરી રહ્યાં હતા ત્યારે જ અમરેલી જિલ્લાનાં ધારી ગીર પૂર્વના દલખાણીયા રેન્જમાં આવેલ રામગઢ બીટમાં ગઈકાલે વિશ્વ સિંહ દિવસે જ ૧૨ વર્ષના સિંહનનું મોત નિપજતા સિંહ પ્રેમીઓમાં ભારે શોક છવાયો છે.

જો કે ધારી ગીર પૂર્વના દલખાણીયા રેન્જમાં આવેલ રામગઢ બીટમાં ગઈકાલે સિંહનું મોત ઉંમર મર્યાદાને કારણે થયું હોવાનું વન વિભાગનું અનુમાન હોય, સિંહના મૃતદેહને પીએમ અર્થે આંબરડી સફારી પાર્ક ખાતે લઈ જવાયો હતો.

જયારે બીજા બનાવમાં બગસરાના રેવન્યુ વિસ્તારમાં આવીલ શીલાણા, હામાપુર સીમાડેથી ગઈકાલે સિંહણનો મૃતદેહ મળી આવ્યો હતો. બાદમાં ૩ થી ૪ વર્ષની સિંહનું એનિમિયા નામની બીમારીથી મોત થયાનું વનવિભાગે પુષ્ટી કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, હજુ થોડા દિવસ પહેલા જ જાફરાબાદનાં નાગેશ્રીમાં સિંહબાળનું બીમારીથી મોત થયા બાદ ગઈકાલે વધુ એક બગસરા પંથકમાં સિંહણનું બીમારી સબબ મોત થવાથી સિંહો પર ફરી ચેપી રોગ આવ્યો હોવાની વ્યાપક ચર્ચાઓ વચ્ચે વનવિભાગનો આ બાબતે ઢાંકપીછોડો કરાય રહ્યાંનું ચર્ચાઈ રહ્યું છે.

આમ અમરેલી જિલ્લામાં છેલ્લા એક માસમાં જ ૧૧ જેટલા સિંહોના અલગ–અલગ કારણોસર મોત નિપજયા હતા. ત્યારે વિશ્વ સિંહના દિવસે સિંહ તથા સિંહણના મોતથી સિંહ પ્રેમીઓમાં ભારે હતાશા છવાય જવા પામેલ છે.

### સુચનપેટીમાંથી ફરિયાદ સામે આવી

# ઉનાની મોટાડેસર પ્રા.શાળાનો શિક્ષક વિદ્યાર્થીનીઓ સાથે અડપલાં કરતો હોવાની ફરિયાદ

## વિવાદાસ્પદ શિક્ષક સામે તપાસ સોંપવામાં આવી

ઉના, તા. ૧૧

શાળામાં શિક્ષકને ગુરૂનું સ્થાન આપવામાં આવે છે. પરંતુ અહીં ગુરૂ જાણે કે હેવાન બની ગયો હોય તેમ ઉના તાલુકાની મોટા ડેસર પ્રા. શાળાનાં સામાજીક વિજ્ઞાનનાં ધો. ૬ થી ૮નાં શિક્ષકે વિદ્યાર્થીનીઓ સાથે જાતિય સતામણી કરી હોવાની ઘટના બહાર આવી છે. જેથી શિક્ષણ જગતમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. જયારે આ બાબતની જાણ તાલુકા શિક્ષણાધિકારીને થતાં તાત્કાલિક તેમની ટીમ સાથે મોટા ડેસર પહોંચી જઈ શાળાનાં શિક્ષકો અને વિદ્યાર્થીનીઓનાં નિવેદન લઈ જિલ્લા કક્ષાએ રીપોર્ટ કરી આપ્યો છે. આ શિક્ષકની સીમર કુમાર શાળા ખાતે બદલી કરી નાખી તેમજ આ વિવાદાસ્પદ શિક્ષક સામે ખાતાકીય તપાસ પણ સોંપવામાં આવી છે.

ઉના તાલુકાનાં મોટા ડેસર પ્રા.શાળામાં છેલ્લા બે વર્ષથી ફરજ બજાવતા સામાજિક વિજ્ઞાનનાં શિક્ષક ધો. ૬ થી ૮ની વિદ્યાર્થીનીઓની જાતિય સતામણી કરતો હોવાની ફરિયાદ ઉઠી હતી. વિદ્યાર્થીનીઓના વાલીઓએ આ બાબતે મોટા ડેસર ગ્રામ પંચાયતનાં મહિલા સરપંચનાં પ્રતિનિધિ ભરતભાઈ શીંગડને કરતાં તેમણે તા. ૪ ઓગસ્ટનાં રોજ આ બાબતે તાલુકા શિક્ષણાધિકારીને લેખિતમાં જાણ કરી હતી. તે સિવાય વાલીઓએ આ શાળાનાં આચાર્ય મેહુલભાઈ સોરઠીયાને પણ આ બાબતથી અવગત કરવામાં આવેલા. તેમજ મોટા ડેસર પ્રા.શાળામાં એક સૂચન પેટી પણ રાખવામાં આવી હતી. સૂચન પેટી ખોલતા તેમાં અનેક વિદ્યાર્થીનીઓએ આ સામાજિક વિજ્ઞાનનાં શિક્ષક દ્વારા કલાસરૂમમાં એનકેન પ્રકારે કરવામાં આવતી જાતીય સતામણીની લેખિતમાં ફરિયાદ કરી હતી. આ સૂચન પેટીમાંથી આટલી ફરિયાદનો ઢગલો જોતા અને આ બધી ફરિયાદો વાંચતાની સાથે જ શાળાનાં આચાર્ય પણ ચોંકી ગયાં હતા. તેમણે તાત્કાલિક સમગ્ર ઘટનાની જાણ તાલુકા શિક્ષણાધિકારીને કરતા તેઓ તુરંત જ મોટા ડેસર પહોંચી ગયા હતા.

આ વિવાદાસ્પદ શિક્ષક કમલેશ લક્ષ્મણ રાઠોડ રજા પર હોવાથી તપાસ પૂરી થઈ શકી નહીં. ત્યારબાદ બીજા દિવસે ફરી વખત તાલુકા શિક્ષણ અધિકારી તેમની શિક્ષણ વિભાગની ટીમ સાથે મોટા ડેસર પહોંચી ગયા હતા. શાળાનાં આચાર્ય સહિતનાં શિક્ષકોનાં આ ઘટના બાબતનાં નિવેદન પણ લેવામાં આવ્યાં હતા. ત્યારબાદ તપાસ અર્થે ગયેલી ટીમ દ્વારા શાળામાં અભ્યાસ કરતી ધો. ૬ થી ૮ની તમામ વિદ્યાર્થીનીઓનાં નિવેદન પણ મહિલા શિક્ષીકાઓ દ્વારા લેવામાં આવતા નિવેદન નોંધનાર મહિલા શિક્ષિકાઓ દ્વારા લેવામાં આવતા નિવેદન નોંધનાર મહિલા શિક્ષિકા ચોંકી ઉઠયાં હતા. તાત્કાલિક વિદ્યાર્થીનીઓનાં લેખિત નિવેદન તાલુકા શિક્ષણ અધિકારીને સોંપતા અને સમગ્ર પ્રકરણની માહિતી ટીમ પાસેથી મેળવ્યા બાદ તુરંત જ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને રિપોર્ટ કરવામાં આવ્યો. જેમાં ઉલ્લેખ કરવામાં આવેલો કે મોટા ડેસર પ્રાથમિક શાળાનાં શિક્ષક કમલેશ એલ. રાઠોડ ધોરણ ૬ થી ૮માં સામાજિક વિજ્ઞાનમાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. જેવો વિરૂદ્ધ શાળાની બાળાઓ દ્વારા શાળાનાં સૂચન બોકસમાં જાતિય સતામણી બાબતની ફરિયાદો મળતા અને બાળાઓને કરવામાં આવેલી જાતીય સતામણીની બાબતની ફરિયાદ સ્પષ્ટપણે સત્ય છે. તેમ જણાયું છે.

બાળકોનાં નિવેદનમાં પણ શિક્ષક દ્વારા જાતીય કનડગત સ્પષ્ટ થાય છે. તેથી આ શિક્ષક કમલેશ એલ. રાઠોડ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા સ્પષ્ટ અભિપ્રાય તાલુકા શિક્ષણ અધિકારીએ આપેલા છે. તેમજ તેમણે આપેલા અભિપ્રાય તાત્કાલિક અસરથી સીમર કુમાર પે.સેન્ટર શાળામાં શિક્ષકની બદલી પણ કરી આપવામાં આવી છે. આમ આ ઘટનાથી સમગ્ર તાલુકાનાં શિક્ષણ જગતમાં ખળભળાટ મચી જવા પામ્યો છે અને આમ લંપટ શિક્ષક પર ફીટકારની લાગણી પણ જોવા મળી રહી છે.

આ બાબતે તાલુકા શિક્ષણાધિકારી વાઢેરે જણાવ્યું હતું કે, આ ઘટના શરમજનક ઘટના છે અને આ શિક્ષક પર શિક્ષાત્મક પગલાં ભરવા જિલ્લા કક્ષાએ રિપોર્ટ પણ કરી આપ્યો છે. હાલ આ પ્રકરણની તપાસ વેરાવળ તાલુકા શિક્ષણાધિકારીને ખાતાકીય તપાસ સોંપાઈ ગઈ છે. આ શરમજનકઘટનાની તપાસ અર્થે ગયેલા તાલુકા શિક્ષણ અધિકારીને લેખિતમાં જવાબ આપ્યો. તેમાં તેવું જણાવ્યું કે, આ શાળામાં થયેલી ફરિયાદ બાબત તે બોલાવેલા શબ્દો વિષય વસ્તુ સમજવા માટે ના હતા. અને પ્રવૃતિ દરમિયાન પણ કોઈ આશયપૂર્વક મે કંઈ કર્યુ નથી. છતાં પણ થયેલી બાબતો અયોગ્ય જણાઈ હોય તો હું હૃદયપૂર્વક માફી માંગ છું.

# લીલીયા મોટા ખાતે વન વિભાગ દ્વારા વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરાઈ









લીલીયા મોટા ખાતે વિશ્વ સિંહ દિવસની પાલીતાણા વાઈલ્ડ લાઈફ ડિવિઝન તળે લીલીયા રેન્જ કચેરીના આર.એફ.ઓ. ગલાણીનાં માર્ગદર્શન તળે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિજ્ઞાન પ્રવાહ શાળા ખાતે આરએફઓ ગલાણીએ લીલી જંડી આપી રેલી પ્રસ્થાન કરાવેલ. આ રેલીમાં વિવિધ શાળાનાં ૩૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ રેલીમાં સ્થાનિક પર્યાવરણ ક્ષેત્રે કામ કરતી ગીર નેચર ટ્રસ્ટનાં મનોજભાઈ જોશીએ ગીર બચાવો સિંહ બચાવોનાં સૂત્રો પોકારી સમગ્ર શહેરીજનોને વિશ્વ સિંહ દિવસનો સંદેશો મોકલ્યો હતો. ત્યારબાદ મામલતદાર કચેરી ગ્રાઉન્ડમાં રેલી પહોંચી હતી ત્યાં ઉપસ્થિત વન વિભાગનાં અધિકારીઓએ પ્રાસંગિક પ્રવચન આપેલ. ત્યારબાદ શ્રી અમૃતબા વિદ્યાલયનાં પ્રાર્થના ખંડમાં વિદ્યાર્થીઓ અને સ્ટાફ કર્મચારીઓ અને વન વિભાગનાં કર્મચારીઓએ વિશ્વ સિંહ દિવસની ઉજવણીનાં ભાગરૂપે પ્રતિજ્ઞા લીધી હતી. ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આચાર્ય હસમુખભાઈ કરડ ઉપસ્થિત મહાનુભાવનું શાબ્દિક રીતે આવકાર્યા હતા. આ તકે આરએફઓ ગલાણીએ એશિયા સિંહ વિશે વિદ્યાર્થીઓને સમજણ પૂરી પાડી હતી. આ તકે વિવિધ શાળાનાં આચાર્ય સ્ટાફ કર્મચારીઓ વન અધિકારીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વિશ્વ સિંહ દિવસની શાનદાર રીતે ઉજવણી કરી હતી. તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

## જનતા જનાર્દનને અનેક આગેવાનોએ સત્તાનાં શિખરે પહોંચાડયા હોય ઋણ ચુકવે

# અમરેલીને બ્રોડગેજ રેલ્વે સુવિધા અપાવવા નેતાઓ અભિગમ સ્પષ્ટ કરે

### અમરેલી, ચલાલા, ધારી, બગસરા સહિતનાં વિસ્તારની જનતાએ દરેક પક્ષોને ખોબલે-ખોબલે મત આપેલ છે તે યાદ કરવું જોઈએ

અમરેલી, તા. ૧૧

મહાત્મા મુળદાસ, ભોજાભગત અને અંશાવતાર દાનમહારાજ અને યોગીજી મહારાજની તપોભૂમિ અને કર્મભૂમિ છે. જયાં ખુદ રાજરાજેશ્વરી આઈ ખોડીયારનાં બેસણાં છે અને સમગ્ર વિશ્વની આન, બાન અને શાન સમાન સમ્ર રાષ્ટ્રનાં શુરવીરતાનાં પ્રતિક સમાન એશિયાટીક લાઈન કેસરી ડાલામથ્થાઓનો જયાં કાયમી વસવાટ કરે છે અને અફાટ પ્રકૃતિ અને સૌંદર્ય ધરાવતી ગાડી ગીર અને આ સંત શુરવીરો, દાતારો, સંતો, ભકતો અને પુરા રાષ્ટ્રને રાહ ચીંધે તેવા સમર્થ રાજકીય મહાનુભાવોની ગૌરવવંતી ભૂમિ અને અનેક મોટા પર્યટન સ્થળોને જોડતો ગુજરાતનાં હાર્દ સમાન અમરેલી જિલ્લામાં અનેક રાજકીય પક્ષોનાં સન્માનીય નેતાઓ છે જેને આપણે સામાજિક, વ્યવહારીક કે કોઈપણ પ્રકારનાં જાહેર કાર્યક્રમોમાં આપણે તેને આગળની હરોળમાં મંચ ઉપર બેસાડી હારતોરા કરી તેને આદર, આવકાર અને સત્કાર કરી તેને પુરો લલોતપો કરીએ છીએ. તેટલું જ નહી આવા રાજકીય મહાપુરૂષોને આપણે આપણું સંપૂર્ણ સમર્થન આપી સર્વોચ્ચ સ્થાને બેસાડીએ છીએ ત્યારે માત્ર મત નહી પણ આપણે આપણી તથા આપણાં પરિવાર, શેરી, મહોલ્લા, ગામ, શહેર અને સમગ્ર વિસ્તારની આરોગ્ય શિક્ષણ સુરક્ષા પરિવહન સહિત વિસ્તારનાં છેવાડાનાં વિસ્તારો સુધીનાં અઢારે આલમ અને તેને તાંસળીનાં અબાલ વૃધ્ધ અમીર-ગરીબ સૌ કોઈની સર્વ પ્રકારની સુખાકારી, જવાબદારી તેના ખૂબ વિશ્વાસ અને અનેક આશા અપેક્ષા સાથે નેતાઓને સોંપીએ છીએ.

### જિલ્લાની જનતા ચાંદ કે સુરજ માંગતી નથી માત્ર બ્રોડગેજ રેલ્વેની વ્યાજબી સુવિધા માંગ રહી છે

ત્યારે આજ નેતાઓ ચૂંટણીનાં સમયે જનતાને અનેક જાતના પ્રલોભનો અને અડધી રાતે જરૂર પડે ત્યારે અમે જનતાની સાથે ઉભા રહી કોઈ પણ ભોગે અમે જનતાનાં પ્રરૂને તન, મન, ધનથી લડી જનતાને પડતી મુશ્કેલીઓ દુર કરીને જ જંપીશું અને કોઈ પણ મુસીબત કે કુદરતી આફતોમાં જનતાને આધાર અને આપબળ આપવામાં કયારેય પણ પાછી પાની નહી કરીએ તેવી વાતો ફરી જનતાની લાગણી જીતી સત્તા સ્થાને બીરાજમાન

### જનતા જનાર્દને સ્વયંભુ જાગૃત્તિ ઉભી કરી હોય તમામ રાજકીય આગેવાનોએ તેમની મદદમાં આવવું જોઈએ

થયેલા માજી અને વર્તમાન નેતાઓ ચૂંટણીનાં સમયે નાના નેહડા, ગામડાઓ, ઝૂંપડા અને કુબામાં પણ મત માગવા જાય છે. અને જો જાજા મતો કૂવામાં હોય તો તેઓ કૂવા પણ ઉતારવા પણ ઉત્સાહી અને કટ્ટીબધ્ધ બનનાર નેતાઓ જયારે સમગ્ર અમરેલી, ધારી, બગસરા આજે ઘણા વર્ષો પછી સંપૂર્ણ સંગઠીત બની નાગરિકો અતિ આવશ્યક સેવા સમાન બ્રોડગેજની માંગણી કરી રહ્યાં છે. ત્યારે દરેક નેતાઓ જનતાએ સોંપેલ જવાબદારીમાં ખરા ઉતરવા તથા જનતા જનાર્દનનું ઋણ ચુકવવા બીલકુલ ખુલ્લા મને મેદાનમાં આવી

### ચૂંટણી સમયે ડોર ટુ ડોર મત માટે જતાં આગેવાનોનું આજે મૌન જનતાને અકળાવી રહ્યું છે : અશોક તલાટીયા

જનતાના સુરમાં સુર પુરાવી જનતાનો અવાજ બુલંદ કરવા પુરા ખંતથી બ્રોડગેજ બાબતે જનતા તરફી પોતાનો પક્ષ રાખી આ વર્ષો પછીની અમરેલી જિલ્લાની જનતાની એક સુરે બ્રોડગેજ મેળવવાની પ્રચંડ માંગણીની નેતાઓએ મુકત મને સમર્થન કરવું જોઈએ. કેમ કે હરહંમેશ દરેક ક્ષેત્રે જનતા જનાર્દન જ મહાન હોય છે પક્ષ, પદ કે સંપત્તિ નહી તો દરેક રાજકીય, સહકારી અને ભીન્ન ભીન્ન પક્ષનાં નેતાઓ જનતાએ આપેલ સામર્થ્યનો સદઉપયોગ કરી જનતાના સુરમાં કોઈ પણ જાતના પક્ષાપક્ષી કે રાજકીય કિન્નાખોરી કે મતભેદથી પર રહી સત્તાને સેવાનું માધ્યમ ગણી જવાબદારીનાં ભાગરૂપે નહી તો આપણાં જ વતનનાં માનવીઓની દૈનિકતાને ધ્યાને લઈ જિલ્લાના અમરેલી, ધારી, ચલાલા, બગસરાને બ્રોડગેજ સુવિધા અપાવવા સન્માનીય નેતાગણ વહેલાસર કટીબધ્ધ બની પોતાનો અભિગમ સ્પષ્ટ કરે તેવી અખબારી યાદીમાં અશોકસિંહ તલાટીયા ચલાલા જણાવે છે.

## જાફરાબાદનાં સેવાભાવી યુવકનું પ્રેરણાદાયી કાર્ય



તસ્વીર : ભરત બારૈયા-જાફરાબાદ

જાફરાબાદ, તા. ૧૧

જાફરાબાદ એસ.ટી. પોઈન્ટમાં મુસાફરોનાં નાના ભુલકાઓ, બાળકોને સુવિધા વધારવા માટે અહીનાં સેવાભાવી યુવાન ધર્મેશભાઈ બારૈયા ધ્વારા જાફરાબાદમાં એસ.ટી. બસ સ્ટેશનમાં મુસાફર જનતાના નાના બાળ કો માટે પારણું અર્પણ કરવામાં આવેલ. આ પ્રસંગે જાફરાબાદનાં મામલતદાર જે.એન. મહેતા તથા ટાઉન પોલીસ સ્ટેશનના પીએસઆઈ જે.કે. મોરી તથા ટાઉન પોલીસ સ્ટેશનના બીટ જમાદાર ભોળાભાઈ તથા મરીન પોલીસ સ્ટેશનના બીટ ઈન્ચાર્જ રણજીભાઈ ચૌહાણ તથા સામાજિક કાર્યકર પ્રવિણભાઈ બારૈયા તથા ખારવા સમાજના આગેવાન મંગાભાઈ બારૈયા તથા ખારવા સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. તથા એસ.ટી. બસ સ્ટેશનના ટ્રાફિક કંટ્રોલર બાબુભાઈ ખુમાણ ઉપસ્થિત રહ્યા હતા અને પોતાનું વકતવ્ય આપ્યું હતું તેમજ એસ.ટી. તંત્ર તરફથી સેવાભાવી યુવાન ધર્મેશભાઈ બારૈયાનો આભાર માન્યો હતો તથા અધિકારીઓ, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા તથા વરિષ્ઠ પત્રકાર એચ.એમ. ઘોરી તથા પત્રકાર કિશોરભાઈ આર. સોલંકી, પત્રકાર અકબરભાઈ સૈયદ તથા પત્રકાર ફિરોઝખાન પઠાણ ઉપસ્થિત રહ્યા હતા.

### યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત

## ચલાલા ખાતે હરિબા મહિલા કોલેજ ખાતે વિશ્વ સિંહ દિવસની ઉજવણી

### કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારે જહેમત ઉઠાવી



ચલાલા, તા. ૧૧

શ્રી યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત હરિબા મહિલા કોલેજ ખાતે વિશ્વ સિંહ દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં એશીયાઈ સિંહનાં સંરક્ષણને લગતા નારાઓ બોલી સિંહ સંરક્ષણનો સંકલ્પ લીધો હતો. ત્યારબાદ કોલેજની વિદ્યાર્થીની દ્વારા આજુબાજુનાં વિસ્તારમાં સિંહના મોરા પહરી રેલી કાઢવામાં આવી હતી.

કોલેજનાં ડાયરેકટર મહેશભાઈ મહેતા દ્વારા વિદ્યાર્થીનીઓ ગુજરાતનાં ગૌરવ સમાન એશીયાઈ સિંહોનાં ભવિષ્ય અને તેનાં રક્ષણ વિશે માહિતી આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળા અને કોલેજનાં આચાર્ય શીતલબેન મહેતા તથા સમગ્ર સ્ટાફે ખૂબ જહેમત ઉઠાવી હતી.

### આઈપીએસ અધિકારી ગૌરવ અગ્રવાલની ઉપસ્થિતિમાં

## અમરેલીનાં ફતેપુર ગામે નવનિર્મિત શાળામાં 'મેરી માટી મેરા દેશ' અંતર્ગત કાર્યક્રમ યોજાયો

### વૃક્ષારોપણ સહિતનાં કાર્યક્રમો યોજાયા





અમરેલી, તા. ૧૧

આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમ અનુસંધાને મેરી માટી મેરા દેશ કાર્યક્રમ અમરેલી તાલુકાનાં ફતેપુર નવનિર્મિત પ્રાથમિક શાળામાં યોજવામાં આવેલ. તેમાં અમરેલીનાં આઈપીએસ ગૌરવ અગ્રવાલનું આર્ટસ કોલેજની એનએસએસ યુનિટની બહેનો ધ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ પણ રાખવામાં આવેલ. ઉપરોકત કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટી ચતુરભાઈ ખૂંટ, ડાયરેકટર વલ્લભભાઈ રામાણી, ગામના સરપંચ જગદીશભાઈ પરમાર, આચાર્ય પ્રોગ્રામ ઓફિસર વોરા, આરતીબેન ધડુક, પીનલબેન તેમજ ગ્રામજનો, બાળકો હાજર રહેલ. કાર્યક્રમની સમજ આપતા સંકુલ ડાયરેકટર વલ્લભભાઈ રામાણીએ જણાવેલ કે નવનિર્મિત પ્રાથમિક શાળામાં આ સમાજનાં રક્ષકોનું સન્માન થાય તો યોગ્ય જ છે. મેરી માટી મેરા દેશ સાથે પુરા દેશમાં પોલીસ ખાતામાં રહી સમાજને કાયદાકીય સમજ આપી રક્ષણ કરે છે. તેમનું સન્માન થવું જ જોઈએ. સંપૂર્ણ કાર્યક્રમ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં માર્ગદર્શન નીચે યોજવામાં આવેલ તેમ એનએસએસ પ્રોગ્રામ આરતીબેન વોરાએ જણાવેલ છે.

## ખાંભા : તા. ૨૩ ઓગષ્ટે ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

અમરેલી, તા. ૧૧

ખાંભા તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી તા. ૨૩ ઓગસ્ટ ૨૦૨૩ ને બુધવારનાં રોજ સવારે ૧૧ વાગ્યે ખાંભા તાલુકા મામલતદાર કચેરી ખાતે યોજાશે. તાલુકા કક્ષાનાં પ્રશ્નો અને ફરિયાદો મોડામાં મોડા તા. ૧૯ ઓગસ્ટ ૨૦૨૩ સુધીમાં ખાંભા તાલુકા મામલતદાર કચેરી ખાતે રુબરુ અથવા ટપાલ મારફતે બપોરે ૩:૦૦ કલાક સુધી મળી જાય તે રીતે પહોંચતા કરવા. સામુહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાયનાં પ્રશ્નો રજૂ કરવા. અરજીનાં મથાળે ''તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ'' અવશ્ય લખવું. તેમ ખાંભા તાલુકા મામલતદારની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦, પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



પવિત્ર પુરૂષોત્તમ માસ નિમિતે

શીંગપાક | ટોપરાપાક | ગુલાબજાંબુ

સ્પે. માવાના પેંડા

ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો

બટેટા વેફર્સ | કેળા વેફર્સ

હાજરમાં મળશે

શિવ

નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫








અમરેલી ખાતે તળપદા કોળી સમાજના લગ્નોત્સુક યુવક-યુવતીઓનો વેવિશાળ પરિચય સમારંભ

મહિલા તળપદા કોળી સેવા સમાજ અમરેલી દ્વારા તળપદા કોળી સમાજના લગ્નોત્સુક યુવક-યુવતિઓનો વેવિશાળ પરિચય સમારંભ તા. ૨૦/૦૮/૨૦૨૩ ના રોજ યોજાશે.

ભાગ લેનાર યુવક ધો. ૧૦ અથવા તો તેનાથી વધુ અભ્યાસ કરેલ હોવા જોઇએ તેમજ વેપાર કરતા, પોતાનું મકાન ધરાવતા અને ઓછામાં ઓછી ૨૦,૦૦૦/- આવક ધરાવતા યુવકો ફોર્મ ભરી શકશે.

યુવતીઓ માટે અભ્યાસ કે આવકને ધ્યાનમાં લેવામાં આવશે નહી. ફોર્મ અને માહીતી નીચેના સરનામે તા. ૧૭/૦૮/૨૦૨૩ સુધીમાં ફોર્મ મોકલી આપવા વિનંતી.

શ્રી આરતીબેન ગોહીલ, મો. ૯૪૦૯૩ ૧૩૬૪૪ (પ્રમુખ)
શ્રી પરશોતમભાઇ એન. મકવાણા, મો. ૯૪૨૮૭ ૯૮૬૪૭
શ્રી રમેશભાઈ આર. ડાભી, મો. ૯૧૦૪૪ ૧૯૬૪૧

શ્રી રામ એસ્ટેટ, જુના માર્કેટીંગ યાર્ડ અંદર 'હરિરામ' હોલસેલ માર્કેટ, દુ.નં. B/F-૧૩, પહેલો માળ, અમરેલી.
















# વાર્તા–વૈભવ



જગદીપ જી.

નામ : જગદીપ ગણપતભાઈ ઉપાધ્યાય
**જન્મ તારીખ :** ૨૪/૭/૧૯૫૯
**મૃત્યુ તારીખ :** ૨૫/૪/૨૦૨૧
**વતન :** અમરેલી
**જન્મસ્થળ :** ઈંગોરાળા (ડાંડ), તા.લીલીયા મોટા, જિ.અમરેલી)
શિક્ષણવિદ અને સાહિત્યકાર
શિક્ષણ અને સાહિત્યની ચાર દાયકાની સેવા
શિક્ષણ ક્ષેત્રે છેલ્લો કાર્યકાળ વાંકાનેરની અમરસિંહજી હાઈસ્કુલમાં આચાર્ય પદે.
**કાવ્ય સંગ્રહો :** 'શબ્દધનુ, 'પ્રણયાખ્યાન, હવે પછી 'ઝાકળના ઝુમખા' (કાવ્ય સંગ્રહ) ફુલોનાં ભાર' (સ્મૃતિકથાઓનો સંગ્રહ) અને ''બીજી બાજુ'' (વાર્તા સંગ્રહ) 'કશમકશ'' (નવલકથા) પ્રગટ થવામાં.

તેમની કૃતિઓ 'અખંડ આનંદ'' 'નવનીત સમર્પણ', 'કવિતા', 'કવિલોક', કુમાર, 'પરબ, શબ્દસૃષ્ટિ, 'ચિત્રલેખા, 'મુંબઈ સમાચાર, 'ફુલછાબ', 'સાધના, 'તાદર્શ્ય જેવા ગુજરાતનાં માતબર સામયિકો એન વર્તમાનપત્રોમાં છપાય છે.

તમામ કાવ્યપ્રકાર ખેડતા જગદીશ ઉપાધ્યાયને ગીત–ગઝલમાં વિશેષ રૂચિ. ગીતમાં મૌલિક પ્રયોગો. ઉપરાંત 'છાલક' નામનાં ગુજરાતી સાહિત્યિક સામયિકનું સંપાદન કાર્ય કરે છે. સૌજન્યશીલ વ્યકિતત્વ ધરાવતા જગદીશ ઉપાધ્યાયે તેમનાં શિક્ષણ અને સાહિત્ય ક્ષેત્રનાં મૌલિક પ્રયોગો માટો પૂ. મોરારીબાપુનાં હાથે સન્માન પ્રાપ્ત કર્યુ છે. સાવરકુંડલા અને વાંકાનેરને ગૌરવ અપાવ્યું છે. અને અપ્રતિમ લોકચાહનાં પ્રાપ્ત કરી છે.

## ૯. બાપ

## બાપ
**– જગદીપ ઉપાધ્યાય**

મારા અંગ અંગે જળ ઝારીને, ખંડની વચોવચ છાણ –મૂત્રનો ચોકો પુરેલી જગ્યામાં, ઉત્તરમાં માયુ રાખીને, મને સુવડાવવામાં આવ્યો હતો. મારા શ્વાસ પ્રભાતનાં કિરણોમાં ફેરવાઈ રહયા હતા. મારા પોપચાં પર ફુલોનો ઝાકળ ભીનો ભાર વર્તાઈ રહયો હતો. કોઈ અદશ્ય હુંફાળા હાથો લીલા રૂમાલથી મારો પડછાયો ભૂંસી રહયા હતા.

વિધિમાં વ્યસ્ત અમૃત ફુઆ મારા શરીરે ચંદનનો લેપ લગાડીને બોલ્યા, 'નવુ વસ્ત્ર લાવજો....'' નાનો ઉતાવળે બાજુનાં ખંડનાં બારણા પાસે ગયો. નાનાને તેની વહુએ અંબાવેલું નવું વસ્ત્ર અમૃત ફુઆએ મને પહેરાવ્યું. મારા પગનાં અંગુઠાને સૂતરથી બાંધ્યા. પછી બે જણનાં ટેકાથી મને વાંસની નનામી પર મુકયો. બાજુમાં લીલો દર્ભ રાખ્યો. 'હવે પિડ જોઈશે....'' નાનાને તેની વહુએ રસોડામાંથી પિંડ અંબાવ્યા.

આ બધી ક્રિયા દરમ્યાન ફકત નાનો જ દોડાદોડી કરતો હતો. મોટો તો જાણે કાંઈ સ્નાનસૂતક ન હોય તેમ ઘરનાં એક ખૂણામાં એક પગ લંબાવી, બીજો વાળી, ઘુંટણને બે હાથથી પકડીને બેઠો હતો અને આવનાર સ્વજનને 'જયશ્રી કૃષ્ણ '' કહેવાનુંય ટાળતો હતો. તેનું ભીતર સુકાઈને શુષ્ક ખારોપાટ બની ગયું હતું. એ ઉપર જમીન પર કાંઈ લીલુ હોય તો એ હતી સુંગધવિહીન એક – બે આવતો. નોખો થયા પછી આજ પહેલી વાર, એય તે આવવું પડયું એટલે મારી પાસે આવ્યો હતો.

મને કોરા, ઉજળા, સુતરાઉ વસ્ત્રથી ઢાંકવામાં આવ્યો. મને બાંધવા નાનાએ સામગ્રીની થેલીમાંથી રેશમી સૂતરનો દડો કાઢયો. ખરેખર ! નાનાએ મને રેશમનાં તાંતણે બાંધ્યો હતો. કેટકેટલો મને સાચવ્યો ! કેટકેટલી મારી સેવા કરી ! નાનો તો મારા આયબાને કાંઠે ખળ ખળ વહેતું ઝરણું હતો. નાનાની વહુ પણ કેવી ? મને દૂધે રાંધીને જમાડયો. મને અછો અછો વાનાં કર્યા. ઉંમરને કારણે મારી કેવી કેવી નાની મોટી તકલીફો ? પણ મોઢામાંથી મોળુ વેણ નહી !

અને મોટાની વહું ? ઉહ.....! કયાં આ સુંગધિત છાંયડો દેતી બટમોગરાની વેલ ને કયાં એ દુધની વાટકીમાં સદાય વિષ ઘુંટતી થોરની ડાળ ી ! કયાં આ વાસંતી લહેરખીને કયાં એ વૈશાખી લૂ ! જવા દો વાત !

મારી ઉપર અને આસપાસ સુગંધી ફુલો મુકયા. અત્તર અને ગુલાબજળ છંટાયા. અબીર અને ગુલાલ વેરાયા. મોટા સિવાયનાં કુંટુબીઓએ મારી પ્રદક્ષિણા કરી, મારા પગ પાસે પુષ્પો મુકી. મને વંદન કર્યા. ઘરમાં શૂન્યતા ધીમુ બોલતી હતી. ખીંટીએ ઉદાસી મુંગુ લટકાતી હતી. બાજુનાં ખંડમાંથી સ્ત્રીઓનાં દબાયેલા ડૂસકાનો અવાજ આવતો હતો. બધી જ તૈયારી થઈ ચુકી હતી.

બારીમાંથી મંદ મંદ આવતો પવન મને તેડાં સંભળાવતો હતો. જાણીતા અને અજાણ્યા સ્વજનો ફળ ીમાં એકઠા થયાં હતા. આજે માણસો માટીનાં અગ્નિનાં, વાયુનાં, વ્યોમ કે જળનાં નહી પણ ઝાકળનાં પર્યાય લાગતા હતા. દીવાલો ઓગળતી જતી હતી એન છત ફેલાતી જતી હતી.

આજે કોઈ સાંકળ નહોતી. હું ઘર મટીને શેરી એન નગર બનતો જતો હતો. બાજોઠા પર બળતા ઘીના દીવાનો પ્રકાશ ચાળણીમાંથી નીકળીને અનેક જળહળ દીવાઓમાં ફેરવાઈ જઈ દુર.... દુરનાં મારગમાં પથરાતો જતો હતો. અજવાળા આઘે નહોતા, રોકવા કોઈ કારણો નહોતા છતાં મને આખરી પળનાં દિલાસા સાંભળવા કરતું હતું. મારે જેની સાથે બનતું નહોતું એ ઓધવજી પણ હાથમાં હાથનાં આંગળા પરોવી વિવેકી થઈને ઉભો હતો. આંગણાની ચમેલીનાં ફુલો તો ઠીક, આજે કાગળનાંય ફુલો મહેકતા હતા.

એક માત્ર જેની રાહ જોવાઈ રહી હતી તે મારી એકની એક દીકરી દરવાજે આવી પહોંચી, તેણીએ દાબી રાખેલું રૂદન ઓસરી આવતાં સુધીમાં તો છુટી ગાયાુ.ાા 'ઓ... બાપા... ! કહેતા તેનો સાદ ફાટી ગયો. વજી ફઈએ તેને બથમાં લીધી, ''આમ જો.... છાતી રહી જા બેટા ! કહુ છું... છાની રહી જા....'' કહેતા તેઓયે ગળ ગળાં થઈ ગયાંને આંસુને ખાળતા બોલ્યા, 'જો રોવાય નહિ બેટા !... એ .... બાપા તો લીલી વાડી મૂકીને ગયા છે. બાપા તનેય કેટલું બધુ આપવાનું કહીને ગયા છે.'' 'મારે કાંઈ નથી જોતું... બાપા... બાપા...! તમે મારી રાહ કેમ ન જોઈ ? ! મારે એક વાર તમારે માથે બસ હાથ ફેરવવો હતો !'' તમે મારી રાહ કેમ ન જોઈ ?! મારે એક વાર તમારે માથે બસ હાથ ફેરવવો હતો !'' દીકરીનાં વેણે કંઈકની છાતીની ભીંતો ભેદી નાખી. મારી પાસે બેઠેલા અમૃત ફુઆએ નરમ અવાજે કહયું, ''આંસુ ન પડાય દીકરી ! બાપાનો આત્મા દુઃખી થાય.

''તેમણે કરેલા સંકેત મુજબ વજી ફઈ દીકરીને મારી પાસે લઈ આવ્યાં. અમૃત ફુઆ મારા મુખ પરનું વસ્ત્ર હટાવતા બોલ્યા, 'ફેરવી લે દીકરી ! બાપાને માથે હાથ ફેરવી લે ! દીકરીએ મારા કપાળે વ્હાલસોયો હાથ મુકયો. એક ભીંના વાદળાએ પર્વતનાં નિર્જીવ ખોખામાં ઝરમર ફોરૂં ભરી દીધું જાણે !, જાણે એક શીતળ ઝાકળ નાં ઝુમખાએ સુક્કા ઠુંઠાને લીલવી દીધું.

દીકરીની આંખનું એક આંસુ મારા ગાલ પર પડયું. મને થયું, થોડી ઉતાવળ થઈ ગઈ, નહીં તો ગળ ે અટકત એ ડુમાને ખંખેરી, દીકરીને ગદ્‌ગદ્‌ કંઠે થોડું હેતથી બોલાવી લેત ! હીબકાં લેતી દીકરીને વજી ફઈ બાજુનાં ઓરડામાં લઈ ગયા. ઘડીભર એ ઓરડાની ભીંતો પરથી રૂદનની સરવાણી ફુટી નીકળી.

હું છેલ્લી વાર બારી, બારને ઓસરી જોતો હતો. થાંભલીઓમાં કોતરાયેલા મારી ઈચ્છાના શિલાલેખ વાંચતો હતો ને સદગત ઘટનાઓનાં સંદર્ભમાંા મૂલવતો હતો. અમૃત ફુઆએ બધા સાંભળે તેમ કહયું, 'એ... કોઈ રડતા નહીં ! બાપા તો પુણ્યશાળી જીવ હતા. ભાગ્યશાળી થઈ ગયા.

સૌ કોઈ ધૂન ગાઓ અને ઘરનાં હો એ કાંધ દેવા આવી જાવ. કાનજી ભગતે, ''શ્રી રામ જય રામ જય જય રામ ....! ની ધૂન ઉપાડી. આ દરમ્યાન મોટો સિફતથી ઓરડાની બહાર નીકળી જઈ દરવાજાની બહાર શેરીમાં ઉભેલા છેલ્લા બે ચાર જણાનાં ટોળ ામાં ભળી ગયો. નાનો અને બે કુંટુંબીઓ અંદર આવ્યા. **(ક્રમશઃ)**

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી**
**– સંપાદક : રવજીભાઇ કાચા.**

# બાલ એક્સપ્રેસ

- ઉખાણા
- બાળવાર્તા
- જોડકણા
- બાલગીત
- જોકસ

સંપાદક : રવજીભાઈ કાચા-અમરેલી

# અમરેલીમાં સાહિત્ય પરિષદનું ૧૪મું જ્ઞાનસત્ર

**(ગયા અંકનું ચાલુ)**

જર્નાદન પાઠકે 'બત્રીસ પુતળીની દેવના' (ઈલા આરબ મહેતા) ની કૃતિલક્ષી વિવેચના કરી હતી. તેમણે નોંધ્યું હતું કે આ નવલકથા રૂઢ પરંપરાને ત્યજી શકી નથી. લેખિકાએ પૌરાણિક રૂઢિગત ખ્યાલોમાંથી સ્ત્રીને મૃકત કરવા વેદનાને વાચા આપી છે. આ નવલકથા સ્વ.દેસાઈને અનુસરે છે. જયારે સ્ત્રીઓની વેદના સ્થુળ રીતે પ્રગટ થઈ છે.

technique પરત્વે કશું જ નવું નથી. પ્રસંગો રોચક પણ સ્થૂળ છે. ચિંતનાત્મક ફકરા આવે છે. પાત્રો સ્ત્રી સ્વાતંત્ર્યના સંવાદો બોલે છે. સ્ત્રીનો પ્રશ્ન રજુ થયો છે. પણ કૃતિનું શીલ ખંડિત થાય છે.

આ વાચાળ કૃતિ જેવી જ બીજી કૃતિ 'સાત પગલાં આકાશમાં' વસુબહેન ભટ્ટે હળવી રીતે ગંભીર વિચારો રજુ કર્યા અને આધુનિક નવલકથા વિષે પ્રશ્નો ઉભા કર્યા. આપણી નવલકથામાં સંવાદોમાં સ્વાભાવિકતા છે. વાતાવરણ ઉભું થાય છે ખરૂ લેખકને જે કહેવું છે તે વાચક સુધી પહોંચે છે.? નવલકથામાં કથા છે ખરી ? આપણું જીવન ચીલાચાલુ હોય તો નવલકથા એકદમ જુદી જાતની કેવી રીતે આવે ? શ્રી વિનોદ અધ્યર્યુએ વિદ્રતાપુર્ણ મૌલિક ચર્ચા કરી હતી.



જ્ઞાનસત્રનું દીપ પ્રગટાવી ઉદ્‌ઘાટન કરી રહેલા આર. કે. ત્રિવેદી

તેમણે કહયુ હતું કે વિકાસ અપૂર્ણમાંથી પુર્ણમાં જવાની ગતિ સૂચવે છે. રૂપ માટે વિકાસ કરતાં પરિવર્તન શબ્દ રાખવો જોઈએ. ગુજરાતી નવલકથાએ કેવાં નવા નવા રૂપો પ્રગટ કર્યા છે. તે જોવું રહયું. નવા આકારો, નવા દર્શનો, નવી પણ કલાકૃતિનાં પોતાનાં ધોરણ હોઈ ચુકાદો ન આપી શકાય. Photographic representation માંથી Sysmographic representation માં આપણે જઈ રહયા છીએ. આખી ગતિ સૂક્ષ્મ

# ભાતીગળ સૌરાષ્ટ્ર

વિલક્ષણતાઓ એક જ સ્વરૂપમાં મળે છે. આ exploitation ની પ્રક્રિયા છે. નવલકથાનું સ્વરૂપ સસ્પષ્ટ નિર્બ છે. એટલે તેમાં અનેક શકયતાઓ રહેલી છે. રૂપસાધનાનો ઈતિહાસ Exploration અને exploitation of potentiality નો ઈતિહાસ છે. દરેક સર્જકે નવું exploration અને exploration મળે છે. મનુશી, મેઘાણી અને દર્શકે કોઈ રૂપ વિકાસ કર્યો નથી એમાં હું સહમત નથી.


એ કલાકૃતિની સ્વાયતતા છે, કારણ કે કોઈ ચોકકસરૂપ નથી. કલાકૃતિનાં પ્રમાણ વિષે ચર્ચા થઈ શકે, તરફની છે.

એક બાજુથી સાંસ્કૃતિક ચિત્રને પકડવાનો પ્રયત્ન છે. આકાર બાંધવાનો બંધાય એટલે તેને તોડવાનો પ્રયત્ન સતત ચાલુ છે. જેમ સાંસ્કૃતિક ચિત્રનો વ્યાપ વધે તેમ આકાર તુટતો જાય છે. બીજી તરફ વ્યકિતગત ચેતનામાં ઉતરવાનો પ્રયત્ન છે. તેથી લઘુ નવલ મળે છે. આંતરજગતનો એટલો બધો ન થઈ શકે કે તેના Grains છુટા પડી જાય. સૂક્ષ્માતિસૂક્ષ્મ તરફની ગતિ છે. આ આવા સ્વરૂપનો નાભિશ્વાસ ચાલી જ ન શકે. **(ક્રમશઃ)**

# ભાઈઓ ! ચેતી જાઓ...

યાદ રાખો કે એક દિવસ તમારૂં મોત અવશ્ય આવવાનું છે. કયારે આવશે તેની ખબર નથી. અત્યારે તો હોશકોશ સાથે હોંશિયાર બનીને બેઠા છો પણ આવતી એક ક્ષણમાં કદાચ તમાર મોતનો સમય હોય ! અત્યારે કામમાંથી તમને એક મિનિટ માટે પણ નવરાશ મળતી નથી. પછી તો તમારાં સર્વે કાર્યો જેમનાં તેમ રહી જશે. આ સમયે તો શરીરના આરામ માટે નરમ ગાદલામાં સૂઈ જાઓ છો. સુંદર મકાનોમાં રહો છો, તમારૂ જેવી અશુદ્ધ વસ્તુઓ વાપરો છો.

બીડી સિગારેટ પીને અભિમાનમાં આવી જઈ નાકમાંથી અને મોંમાથી ધુમાડાના ગોટે ગોટા કાઢો છો અને દુનિયાનાં અપવિત્ર કૃત્યો કરો છો. જયારે કાળનાં યમદુત આવશે ત્યારે હય પોકારતા ચાલ્યા જશો. તમારા પોતાનાં સગાસંબંધી, માતા–પિતા, ભાઈ–બહેન, પુત્ર–પુત્રી, મિત્ર–દોસ્ત, તમારી પત્ની પણ સહાયતા માટે નહિ આવે અને કોઈ તમારી સાથે ચાલશે નહિ. તમારે એકલા જ જવું પડશે. તે વખતે ખુદ તમારી સ્ત્રી પણ 'ભૂત... ભૂત'' કહીને તમારાથી દુર ભાગશે. તમારાં




સગાંસંબધીઓ એવી રીત હુકમ કરશે કે, હવે અહીંથી આને બહાર કાઢો, એને જલદી બહાર કાઢો.'' તમારાં મકાન, ધનદોલત, બંગલા, જમીન જેટલું હશે એ બધુંય બીજાનું થશે અને તમે તે સમયે એક સુનકાર જંગલમાં ગીધ, કૂતરાં અને શિયાળથી ઘેરાયેલા ભયંકર સ્મશાનમાં પડયા હશો કે કબ્રસ્તાનમાં દટાયા હશો.

આ તમારા સુંદર શરીરને બાળીને ખાખ કરવામાં આવશે યા તો જમીનમાં દાટી દેવામાં આવશે. તમારા સર્વે મનોરથ મનમાં જ રહી જશે. તમારી બધી અકડાઈ ઉડી જશે. આ તમારી હઠીલી, ક્રોધી એન જુસ્સાદાર આંખો હંમેશ માટે મિંચાઈ જશે. પછી પસ્તાવો કરવા છતાંય કશુ નહિ વળે.

આ શરીરથી છુટીને જયારે પરલોકમાં જશો અને ત્યાં જયારે પોતે અહી કરેલા કર્મોનું ભયંકર ફળ સામે આવશે ત્યારે તમે ડરી જશો. તમારા પાપ જાહેર થશે. તેમનાં પરિણામો માત્ર સાભંળીને તમે ધ્રુજી ઉઠશો એન બેહોશ થવા માંડશો. અહીંનાં મોજશોખ, દુષ્કૃત્યો, ચતુરાઈઓ, બીડી – સિગારેટનાં ચસ્કાઓ અને અપવિત્ર કર્મોનું ફળ તમારે જ ભોગવવું પડશે. આકરા રસ્તા તમારે જ જોવા પડશે. ચોર્યાશી લાખનાં ફેરામાં તમે જ આવશો અને નીચ યોનિને પ્રાપ્ત થશો. એ યોનિમાં ચીસો પાડશો અને દુઃખી થશો. એ વખતે કોણ તમારો મદદગાર થશે ? એટલા માટે અત્યારે જ વિચારો એન ચેતી જાઓ. પોતાનો આવો અમુલ્ય મનુષ્ય જન્મ બરબાદ ન કરો.

# જટાશંકરની ઝોળી

**– પ્રકાશ ડી. કુબાવત**

એક ગરીબ બ્રાહ્મણ હતો. નામ તેનું જટાશંકર તેને ત્રણ પુત્રો હતા. ત્રણેય નાના હતા. કમાવવાવાળો ફકત તે એક જ હતો. બ્રાહ્મણી પણ આખો દિવસ ટકટક કરતી રહેતી.

એક દિવસ ઘરમાં કંઈ પણ ખાવાનું ન હતું. છોકરા પણ ભૂખ્યા ઉંઘી ગયા. બ્રાહ્મણી જયાથી આ ન જોવાયું.

તેને જટાશંકરને કહયું કે, ' આમેય આપણે ભૂખે મરી જઈશું. તેનાં કરતા એક કામ કરો, જંગલમાં જઈને તપ કરો. સાચા દિલથી તપ કરજો. ભગવાન પ્રસન્ન થાય તો સારી વાત છે. નહિતર આમેય મરી જ જવાનાં છીએ. ભગવાનનું નામ લેતા – લેતા મરીશું તો બીજુ કંઈ નહિ પણ ઉદ્ધાર તો થશે જ !''


જટાશંકરને જયાની વાત ગળે ઉતરી ગઈ. તેણે જયાને કહયું કે, 'તું બાળકોનું ધ્યાન રાખજે. ગમે તેમ કરીને પણ હું ન આવું ત્યાં સુધી ધીરજ ધરી રાખજે. મહાશંકરને તમારૂ ધ્યાન રાખવા કહી દઉ છું તે સજજન છે. મારી ગેરહાજરીમાં તે તમને ચોકકસ તેમનાંથી બનતી મદદ કરશે. મારે અયાચક વ્રત છે. તમારે કયાં છે ? તેમ કહી તે જંગલમાં ભગવાનને પ્રસન્ન કરવા ચાલી નીકળ્યો.

જટાશંકર જંગલમાં જઈને એક ઘેઘુર વડલા નીચે પલાંઠી વાળીને બેસી ગાયોા અને ભગવાનનું નામ જપવા લાગ્યો. તે સાચા હૃદયથી ભગવાનનું નામ લેતો હતો. આથી પાંચમાં દિવસે ભગવાન તેના પર પ્રસન્ન થયા અને કહયું કે, ''હું તારી ભકિતથી ખુબ ખુશ થયો છું. તારે માંગવું હોય તે માંગી લે.''

ભગવાનના પગમાં પડીને કહયું કે, 'હું અયાચક વ્રતનું પાલન કરનારો બ્રાહ્મણ છું. કોઈ દિવસ કોઈ પાસે માંગ્યું નથી પણ આજ તમારી પાસે માંગું છું. મારા છોકરા અને પત્ની ભૂખેથી ટળાવાળ ા છે. ાતે મારાથી જોયું જતું ન થી. તેની ભુખ કાયમ માટે સંતોષાય તેવું મને વરદાન આપો. તેને કયારેય ભૂખ્યા સુવું ન પડે.'' 'હું તને એક ગાય આપુ છું. આ ગાય આખો દિવસ જરૂર પડે ત્યારે દુધ આપશે અને આ એક ઝોળી આપુ છું. તું ઝોળીમાં હાથ નાખીશ એટલે રોટલો નીકળશે. આથી તારે કે તારા કુંટુંબને ભૂખ્યા રહેવું પડશે નહી.'' ભગવાન બોલ્યા.

ભગવાનની વાત સાંભળી જટાશંકર તો રાજીરાજી થઈ ગયો. ભગવાનને પ્રણામ કરી તે જવા લાગ્યો ત્યાં ભગવાને કહયું, 'મારી એક શરત છે તે તો તું સાંભળતો જા.''

''જલદીથી તમારી શરત



કહો, તમે કહો તે મંજુર જ છે. ''જટાશંકર બોલ્યો.

''તો સાંભળ'' ભગવાન બોલ્યા.


''મે તને જેમ ભૂખમાંથી છુટકારો અપાવ્યો તેમ તારે પણ તારા દરવાજેથી કોઈ ભૂખ્યું ન જાય તેનું ધ્યાન રાખવાનું છે.જે દિવસે તારા દરવાજેથી કોઈ ભૂખ્યું જશે તે દિવસથી મારા વરદાનની અસર થશે નહીં. તું હતો તેવો થઈ જઈશ.''

''બસ આટલી જ વાત છે ને ! તમે મને વરદાન આપ્યું છે.તો હું પણ બધાની સેવા કરીશ. ભૂખનું દુઃખ કેટલું છે તે મારા સિવાય કોણ જાણે ? મારા આંગણેથી કોઈ દિવસ કોઈ ભૂખ્યું જશે જ નહિ. તમે નિશ્ચિત રહો.'' જટાશંકર હસીને બોલ્યો. જટાશંકરને ગાય સોથ આવેલો જોઈને જયા અને તેનાં પુત્રો તો રાજીરાજી થઈ ગયા. જટાશંકરે જોયું તો બધા કૃશકાય થઈ ગયા હતા. જટાશંકરે તરત જ ગાયને દોહીને આખું બોઘરણું ભરી લીધું અને ઝોળીમાંથી હાથ નાખી એક પછી એક એમ પાંચ રોટલા કાઢયા. આખા ઘરે પહેલવાર ધરાઈને ખાધુ. બધાને તૃપ્તિનો ઓડકાર આવ્યો.

હવે દરરોજ જયા ગાયને દોહતી અને જટાશંકર ઝોળ ીમાંથી જરૂર મુજબ રોટલા કાઢતાં. હળવે–હળવે બધાને ખબર પડી ગઈ કે જટાશંકર પાસે જાદુઈ ગાય અને જાદુઈ ઝોળી છે. ગાય આખો દિવસ ગમે તેટલી વાર દુધ આપે છે. અને ઝોળીમાંથી પણ જેટલીવાર હાથ નાખો એટલીવાર રોટલો નીકળ ે છે.

આથી જટાશંકર આંગણે ગરીબોની લાઈન લાગવા માંડી શરૂઆતમાં હોંશે – હોંશે જયા બધાને દુધ આપતી અને જટાશંકર બધાને એક એક રોટલો આપતો. બધા તેને આશીર્વાદ આપતાં.

પણ હવે જયા વધારે દૂધ કાઢી વેચવા લાગી. આથી ઘણા બધા પૈસા આવવા લાગ્યા. સવાર, બપોર અને સાંજ ત્રણેય વખત ગાયનું દૂધ વેંચી ખુબ ધનવાન બની ગયા. હવે ડેલીએ કોઈ ભિક્ષુક આવે તો તેને માથાનો દૂઃખાવો થતો. આવા ને આવા હાલ્યા આવે છે તેમ પણ કહેતી. **(ક્રમશઃ)**



**બાલમિત્રો,**

આપણા જીવનમાં એકાગ્રતા જરૂરી છે. એકાગ્રતા વિનાનાનું કોઈ કામ થતું નથી. જો થાય તો એમાં ભલીવાર ન હોય, આપણને ઠપકો મળે, પછી આપણો સાંભળવું પડે, ''તારૂ ધ્યાન કયાં છે ! મન કયાં ભટકે છે ? આવું સાંભવવુ ન પડે એટલે જ કહયું છે તે નાનુ કે ખોટું કોઈપણ કામ હોય એને એકાગ્રતા પુર્વક, મન, દઈને કહીએ તો કામ ઉકેલ. જે મોટા મોટા માણસો થઈ ગયાં તેમનો પોતાનાં કામમાં મન પરોવી તેને પાર પાડવા ખુબ મહેનત કરી, વિદ્વાનો, સંતો, મહાપુરૂષો સાવ એમજ નથી બન્યો. તેમનો પણ પોતાનાં જીવનમાં સંઘષો કર્યા હશે. મુશ્કેલીઓ વેઠી હશે. પછી મોટા બન્યાં હશે. તમને જણાવું કે આપણા પુર્વ રાષ્ટ્રપતિ ડો.અબ્દુલ કલામ નાનો હતો ત્યારે ટ્રેનમાં છાપા વેચવા હતા. દરેક સ્ટેશને છપાં વેચી સાજે ઘરે આવતા છતાં તેઓ ભારત દેશનાં રાષ્ટ્રનાં વડા બન્યા.

સ્વામી વિવેકાનંદ, ગાંધીજી, કોઈપણને જુઓ પરિશ્રમ, સંઘર્ષ કર્યા વિના કોઈ સાંપડતું નથી. કહે છે પરિશ્રમ એજ પારસમાલા છે. આજે તમને આ વાત ગળે નજર ઉતરે પણ મોટા થશો ત્યારે ખ્યાલ આવશે કે આપણાં શી ભૂલ કરે છે.

# માંડલે જેલ અને ગીતા રહસ્ય

## સ્વરાજય મારો જન્મસિદ્ધ અધિકાર છે
– બાલગંગાધર તિલક



**જેલની કોઠરીમાં**

તિલકની ગિરફતારીથી આંખો દેશ ગભરાઈ ગયો. એમને છ વર્ષની કેદની સજા થઈ. આ વખતે સરકારે ખૂબ દબાણ કર્યુ છતાં મુંબઈમાં છ દિવસની પુર્ણ હડતાલ રહી. ઠેર–ઠેર વિરોધી સભાઓ યોજાઈ. દેશ–વિદેશનાં સમાચાર પત્રોમાં પણ તિલકને કાળા પાણીની સજા ફટકારવા બદલ ખુબ નિંદા થઈ.

આ દેશવ્યાપી વિરોધનું પરિણામ એ આવ્યું કે તિલકની સજા સાધારણ કેદમાં બદલાઈ ગઈ અને એમની પાસે મંજુરીનાં કરાવાઈ. આ સિવાય એમને અનુકુળ ભોજન પણ અપાયું અને ઘેરથી ખાદ્ય–પદાર્થો મંગાવવા છુટ પણ આપવામાં આવી.

સાબરમતી જેલમાથી તિલકને ૧૩ સપ્ટેમ્બર,૧૯૦૮ ના રોજ માંડલે (બર્મા – હાલનું મ્યાનમાર) મોકલવામાં આવ્યા. માંડલેમાં એમનો કમરો ૨૦×૧૨ ફેટનો હતો.

**તિલકની દિનચર્યા :**

માંડલેમાં એક રીતે તિલકને એકાકી જીવન વીતાવવું પડયું. એમનાં સાથીઓમાં હતા ભારતથી મોકલેલા રસોઈયા, જેલર, ડોકટર, જેલનાં સિપાઈ અને કયારેક કયારેક આવતા જેલનાં કલ્યાણ અધિકારી. એમને કોઈ સમાચારપત્ર, પત્રિકા કે ચાલુ રાજકારણનું કોઈ પુસ્તક વાંચવાની અનુમતિ નહોતી. મહિનામાં તેઓ માત્ર એક કાગળ લખી શકતા અને બહારથી એક જ પત્ર મેળવી શકતા હતા. ત્રણ મહિનામાં એક વાર તેઓ કોઈ એક પરિચિતને મળી શકતા હતા. તિલકે આ સુવિધાનો બહુ ઓછો લાભ ઉઠાવ્યો.

માંડલેમાં તિલક ખુબ નિયમિત જીવન વીતાવતા હતા. સવારે ઘણા વહેલા ઉઠી જતા,એક કલાક પુજા કરતા હતા.ત્યારબાદ સ્નાન કરીને ચા પીતા હતા. શિયાળા સિવાય તેઓ હંમેશા ઠંડા પાણીથી નહાતા હતા. ત્યારબાદ તેઓ લખવા–વાંચવા બેસી જતા હતા. બપોરનું ભોજન કરતા હતા.



ભોજનમાં ઘંઉના લોટની રોટલી, દુધ, ઘી, લસ્સી,દાળ અને ફળ વગેરે લેતા હતા. પુણેથી એમનાં માટે કયારેક કયારેક અથાણા, ચટણી અને કેરી પણ આવતા હતા. દોઢ વાગ્યે તેઓ લીંબુ નું શરબત લેતા હતા. ભોજન પછી તેઓ લેખન અને વાચનમાં ફરી જોડાઈ જતા હતા. સાંજે પાંચ વાગ્યે તેઓ ભોજન કરી લેતા હતા કારણ કે છ વાગ્યે એમનો કમરો બંધ કરવામાં આવતો હતો.એમને મધુમેહ હોવાથી પેશાબમાં વધુ ખાંડ જતી ત્યારે તેઓ સામાન્ય ભોજનની જગ્યાએ જવનાં લોટની પુરીઓ, દુધ અને લસ્સી લેતા હતા. સાથે ચા–કોફીમાં ખાંડ લેવાનું બંધ કરતા હતા. પરંતુ તેઓ દવા લેતા નહોતા.

તિલકને જે ભોજન મળતું હતું એની સરખામણીમાં રસોઈયા કુલકર્ણીને એકદમ ખરાબ ભોજન મળતું હતું. તિલક એને પોતાનાં હિસ્સાનું ભોજન આપી દેતા હતા. જો કે કુલકર્ણીને એમના હિસ્સાનું ભોજન કરતાં ખુબ સંકોચ થતો હતો, પરંતુ તિલક માનતા નહોતા. એક વાર કુલકર્ણી દાળમાં મીઠુ નાખવાનું ભુલી ગયો. તિલક કંઈ બોલ્યા વિના દાળ ખાઈ ગયા. જયારે રસોઈયો ભોજન કરવા બેઠો ત્યારે એને ખબર પડી કે દાળમાંા તો મીઠુ છે જ નહિ. બિચારાએ જઈને તિલકની માફી માંગી પણ તિલકે કહયુ કે દાળ ફીકી છે. એનુ તો મને ધ્યાન રહયું જ નહોતુ એટલે તારે માફી માંગવાનો પ્રશ્ન જ ઉભો નથી થતો. એમનાં ભોજન પછી જે થોડા ઘણા દાળ – ભાત બચતા, એ તેઓ પંખીડાને નાખી દેતા.

એનું પરિણામ એ આવ્યુ કે પંખીડા એમની સાથે હળી – મળી ગયાં હતા. ભોજન કરતી વેળા એ તિલકનાં ખભા પર આવીને બેસતાં અથવા એમનાં લખવાનાંા મેજ પર બેસતાં. કમરામાં આખો દિવસ કલબલાટ કરતાં, એક વાર જેલનાં સુપ્રીન્ટેન્ડન્ટ અચાનક એમનાં કમરામાં આવ્યા અને ચકલીઓનું ઝુંડ જોઈને આશ્ચર્ય પામ્યા. એ પુછવા લાગ્યા કે ચકલીઓ તમારાથી ડરતી નથી ? તિલકે કહયું, 'એ તો મને ખબર નથી, પણ ના હું એમને ખાઉ છું, ના ડરાવું છું. વાસ્તવમાં મારા દિલમાં તો અજગર જેવા ભયાનક પ્રાણી માટે પણ ના ઘૃણા છે, ના ભય,'' તિલકની વાત સાંભળીને સુપ્રીન્ટેન્ડન્ટ ચૂપચાપ ત્યાંથી ચાલ્યો ગયો. જેલમાં તિલકને એકાકી જીવન વીતાવવું પડયું પણ આનો એમણે પુરેપુરો ઉપયોગ કર્યો. જેલમાં રહેવા છતાં એટલો બધો અભ્યાસ, અધ્યયન કર્યો કે જયારે તેઓ માંડલેથી પાછા ફર્યા ત્યારે એમની પાસે લગભગ ૫૦૦ પુસ્તકો હતા. ઘરેથી તેઓ ભાગ્યે જ પુસ્તક મંગાવતા હતા.સંસ્કૃત, ઈસાઈ, બૌદ્ધ અને મુસ્લિમ ધર્મગ્રંથોનું પણ તેમણે અધ્યયન કર્યુ. કાંટ, હેગેલ, બટલર, લોક, ડાર્વિન, હ્યુમ, રૂસો વાલ્તેયર અને મેકસમુલર જેવા પાશ્ચાત્ય વિચારકોનાં ગ્રંથનો પણ તેમણે અભ્યાસ કર્યો.

જેલમાં રહયા એ દરમિયાન એમણે જાતે જ પાલી, સંસ્કૃત અને જર્મન ભાષાઓ શીખી લીધી. જર્મનનું એમણે એટલુ જ્ઞાન મેળવ્યુ હતું કે તેઓ વેબરનાં લખેલા મૂળ જર્મન ગ્રંથ વાંચવા લાગ્યા. એક વાર બર્માનાં અંગ્રેજ ગવર્નર જયારે જેલ જોવા આવ્યા ત્યારે તિલકને પણ મળ્યા. તિલકે તેમને જણાવ્યું કે તેઓ જર્મન વાંચે છે.

ગવર્નર આ સાંભળીને ખુબ ખુશ થયા અને પુછયું કે તેઓ એની દીકરીની જર્મન જ્ઞાનની પરીક્ષા લો. તિલક સહર્ષ રાજી થઈ ગયા. બીજે જ દિવસે ગવર્નરની છોકરી એમની પાસે ગઈ. તિલકે એની પરીક્ષા લીધી અને ગવર્નરને ચોખ્ખુ જણાવી દીધુ કે એનું જર્મન ભાષાનું જ્ઞાન અધુરૂં છે. તિલકનાં આ વ્યવહારે જેલ અધિકારીઓ પર ઘણો પ્રભાવ પાડયો. તિલકનું હવે તેઓ પહેલા કરતાં વધુ ધ્યાન રાખવા લાગ્યા.

# વિવિધ પ્રકારનાં વિચારો ને તેમના પર વિજય

## વિચાર શકિત (THOUGHT POWER)

લેખક : બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદ સરસ્વતી

(ગયા અંકનું ચાલુ)

**૮. ક્ષુદ્ર વિચારો પર વિજય મેળવો**

ક્ષુદ્ર, હલકાને અસંબદ્ધ વિચારોને મનમાંથી હાંકી કાઢવાનો પ્રયાસ કરો નહિ, કેમ કે જેમ જેમ આ બાબતમાં વધારે પ્રયત્નશીલ બનશો તેમ તેમ તે વધારે પ્રમાણમાં હુમલો કરશે ને ઉલટા બળવાન બનશે. આથી તમારી શકિત અને મનોબળનો નકામો દુર્વ્યય થશે.

મનને દિવ્ય વિચારોથી ભરો. બીજા વિચારો પ્રત્યે બેપરવા બનો. આથી તેઓ ધીમે ધીમે અદ્રશ્ય થઈ જશે. સતત ધ્યાન દ્વારા નિર્વિકલ્પ સમાધિમાં આરૂઢ થાઓ.

શરીરનાં સ્નાયુઓની તંગ સ્થિતિને દુર કરી તેમને ઢીલા કરવાથી મનને પણ આરામ ને શાંતિ મળે છે. સાથે સાથે શ્રમિત જ્ઞાનતંતુઓને તેમજ થાકેલા સ્નાયુઓને તાજગી મળે છે. આથી સંપૂર્ણ શાંતિ ને બળ પ્રાપ્ત થાય છે. જયારે તમે શરીર તથા મનને આરામ આપતા હો ત્યારે વિવિધ પ્રકારનાં બહારનાં રેઢિયાળ વિચારોને મનમાં ઘુસવા દેવા ન જોઈએ, ક્રોધ, નિરાશા, નિષ્ફળતા, દુઃખ, દિલગીરી, બેચેની, કજિયા, વગેરેથી મનને શ્રમ પડે છે. માટે તેને દુર હાંકી કાઢો.

**૯. અંત : પ્રેરિત વિચારોનું ઉર્ધ્વીકરણ :**

વિચાર ચાર પ્રકારનાં છે : પ્રતીકને આધારે ઉત્પન્ન થતા વિચારો, અંત : પ્રેરણાથી થતા વિચારો, ઉર્મિવશ થતા વિચારો અને બાહ્ય વ્યવહારના રોજનાં વિચારો.

શબ્દોનાં આધારે ઉત્પન્ન થતા વિચારો પ્રતીકાત્મક છે અંતઃપ્રેરણા ઉર્મિઓનાં ઉભરા કરતાં વધારે શકિતશાળી છે. શરીર, ખોરાક, પાણી, સ્નાન, વગેરે રોજના કાર્ય સંબંધી વિચારો એ વ્યાવહારિક વિચારો છે.

પ્રતીકાત્મક વિચારોને તમે સહેલાઈથી અટકાવી શકો, પણ અંત : પ્રેરણાજન્ય તેમજ ઉર્મિજન્ય વિચારો અટકાવવા મુશ્કેલ છે.

ચિંતા ને ગુસ્સાને તિલાંજલિ આપવાથી જ માનસિક સ્વસ્થતાને શાંતિ પ્રાપ્ત કરી શકાય. ચિંતા અને ગુસ્સાનાં મુળમાં તો ખરેખર ભય જ રહેલો છે. માટે બહુ જ સાવચેત રહોને વિવેકશકિત જાગૃત રાખો. દરેક બિનજરૂરી ચિંતાનો ત્યાગ કરો. માત્ર ઉત્સાહ, હિંમત, આનંદ, શાંતિને ઉલ્લાસનો જ વિચાર કરો. આરામદાયક સ્થિતિમાં પંદર મિનિટ મન શરીરને તદન ઢીલાં કરીને બેસો. આરામ ખુરશીમાં આરામથી પડવાથી પણ આ કામ સાધી શકાય. આંખો બંધ કરો. બાહ્ય વસ્તુઓ પરથી તમારા મનને ખસેડી લો. મનને સ્વસ્થ કરો. ફુટી નીકળતા વિચારોને શાંત કરો.

**૧૦. વ્યાવહારિક વિચારોનું પ્રમાણ ઓછું કરો.**

સામાન્ય રીતે જેઓને વિચાર પર સંયમ નથી તેવા માણસોનાં મનમાં એકી સાથે ચાર કે પાંચ પ્રકારનાં વિચારો ડોકિયાં કરતાં જણાશે. ઘરના વિચારો, નોકરી ધંધાના વિચારો, ઓફિસનાં વિચારો, શરીર સંબંધી કે અન્નપાણીનાં વિચારો, આશા ને આકાંક્ષા, પૈસા મેળવવાની યોજના વેરતૃપ્તિ, સૂર્યસ્નાન વગેરે વિચારોથી સામાન્ય રીતે મન ભરેલું હોય છે.

તમે બપોરે સાડા ત્રણ વાગ્યે કોઈ રસદાયક પુસ્તક વાંચવાનો આનંદ માણી રહ્યાં હો ત્યારે ચાર વાગ્યે થતી ક્રિકેટ મેચ જોવામાં આવતી મઝાનાં વિચારો અવારનવાર તમારા વાંચનમાં ખલેલ પાડશે. માત્ર એકાગ્ર મનવાળો યોગી જ એકી સાથે એક જ વિચાર પોતાની ઈચ્છાનુસાર ગમે તેટલા લાંબો સમય રાખી શકે.

જો તમે તમારા મનનું નિરીક્ષણ કરશો તો જણાશે કે ઘણા વિચારો મેળમાં હોતા નથી. મન તેમના કંઈ પણ ઉદ્દેશ વિના રખડયા કરે છે. શરીરને તેની જરૂરિયાતો, મિત્રો, કાવ્યપ્રાપ્તિ, ખાનપાન, તમારી બાલ્યાવસ્થા વગેરે સંબંધી વિચારો ખબર ન પડે એવી રીતે આવ્યા જ કરે છે.

જો તમે મનનો અભ્યાસ કરો અને એક જાતનાં વ્યવસ્થિત વિચારો મનમાં રાખી બીજા બધાં વિચારોને દૂર હાંકી શકો તો પણ આ એક વિચાર સંયમની મહાન સિદ્ધિ છે. કદી નિરાશ ન થાઓ.

**૧૧. પ્રેરણાત્મક વિચારોને સંગ્રહી રાખો**

જીવનનું ધ્યેય દિવ્યતાની પ્રાપ્તિ છે. તમે આ નશ્વર દેહ નથી, તેમ જ પરિવર્તનશીલ ચંચળ મન નથી, પણ નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુકત આત્મા છો એવો સાક્ષાત્કાર થવો, એ જ આ ધ્યેય છે.

“અજો નિત્યો શાશ્વતોડયં પુરાણો–આ પુરાણો આત્મા અજન્મા, નિત્યને શાશ્વત છે” આ પ્રેરણાત્મક વિચારોને હંમેશ યાદ રાખો.

આ જ તમારું સત્ય સ્વરૂપ છે. નામરૂપાત્મક આ નાનું ક્ષણિક શરીર એ તમે નથી. તમે રામસ્વામી કે મુકરજી, મહેતા કે મેથ્યુ, ગદ્રે કે આપ્તે નથી. અજ્ઞાનનાં ક્ષણિક આભાસથી અકસ્માત તમે આ ભ્રમમાં પડેલા છો. જાગૃત થાઓ અને તમે શુદ્ધ આત્મા છો એવું સત્ય જ્ઞાન મેળવો.

ઉપનિષદમાં જણાવેલું બીજું અદ્ભૂત પ્રેરણાદાયક સૂત્ર આ રહ્યું “ઈશાવસ્યમિદં સર્વમ” વિશ્વમાં જે કંઈ છે તે બધુ ઈશ્વરની શકિતથી ચેતન બન્યું છે. ફૂલને લીલાં ઘાસ સાથે હસો, છોડ, ઘાસને ઝાડની ડાળીઓ સાથે હસો, તમારા બધા પાડોશી, કૂતરાં, બિલાડી, ગાય મનુષ્યો, વૃક્ષો, અરે, કુદરતની બધી વસ્તુઓ સાથે મૈત્રી બાંધો. આથી તમારું જીવન સંપૂર્ણ ને સમૃદ્ધ બનશે.

**૧૨. ભવ્ય પ્રેરણાદાયક વિચારોનું મનન કરો**

જો તમારે સંકલ્પશકિત વિકસીત કરવી હોય, જો તમારું વ્યકિતત્વ ઘડવું હોય ને મહાન બનવું હોય તો પ્રેરણાદાયક ભવ્ય વિચારોવાળા કેટલાંક પુસ્તક હંમેશા તમારી સાથે રાખોને તમારા દૈનિક જીવનમાં વણાઈ જાય ત્યાં સુધી તેમનું વારંવાર મનન કરો. અહીં નીચે મનને માટે અમુક મહાન વિચારો આપ્યા છે :

(૧) શુદ્ધ અંતરાત્માંથી હૃદય તેમજ મન બંને બળવાન બને છે.

(૨) ગરીબાઈ એ પ્રમાદનો મોટો ભાઈ છે.

(૩) આત્માનું જ્ઞાન એ સૌથી મોટો ખજાનો છે. ધ્યાન એ આત્મજ્ઞાનની કૂંચી છે.

**૧૩. હાનિકારક વિચારોને બદલે સાચા હિતકારક વિચારો**

કામ ને વિષયનાં વિચારોને દૂર કરવા માટે ખંતપૂર્વક બ્રહ્મચર્યનો અભ્યાસ કરો, સત્યનાં સાક્ષાત્કાર માટે કે ઈશ્વર દર્શન માટે તીવ્ર ઈચ્છા રાખો અને પવિત્રતાનાં અનેક ફાયદાઓનું મનન કરો.

તિરસ્કાર ને ક્રોધનાં વિચારોને પ્રેમ, ક્ષમા, દયા મૈત્રી, શાંતિ, ધૈર્યને અહિંસાનાં વિચારોથી સંયમમાં રાખવા જોઈએ.

અભિમાનને હું પદનાં વિચારોને નિયમીત રીતે દીનતાને વિનયનાં અભ્યાસથી થતાં ફાયદાઓનું મનન કરીને કાબૂમાં રાખી શકાય.

લોભ પારકું પચાવી પાડવાની વૃત્તિ, પરિગ્રહ વગેરે સંકલ્પોને પ્રમાણિકતા, નિઃસ્વાર્થતા, ઔદાર્ય, સંતોષને સ્વાર્થ ત્યાગથી હાંકી કાઢવા જોઈએ.

હૃદયની મહાનુભવતા ને ઉદારતા, ભવ્યતા ને વિશાળતા તમને સંકુચિતતા, ઈર્ષ્યાને અધમ સ્વાર્થનાં બધા વિચારોથી મુકત કરશે.

વિવેકશકિતનાં વિકાસ દ્વારા ભ્રમને મોહ સહેલાઈથી જીતી શકાય છે. સર્વતોમુખી સાદાઈથી મિથ્યાભિમાન અને વિનયથી હું પદ દૂર કરી શકાય છે.

(ક્રમશઃ)

# હસવાની મનાઈ છે :

(૧) જય : યાર, સૂરજ રાત્રે કેમ નથી નીકળતો ?
વીરુ : શું ખબર કદાચ નીકળતો પણ હોય, પણ અંધારું હોવાને કારણે દેખાતો નહીં હોય.


(૨) શિક્ષક : પપ્પુ, તું મોટો થઈને શું બનીશ ?
પપ્પુ : પાયલોટ
શિક્ષક : કેમ ?
પપ્પુ : ઉપર અકસ્માતનો ભય નથી હોતો.

(૩) પોલીસ : તને કાલે સવારે પાંચ વાગ્યે ફાંસી આપવામાં આવશે.
કેદી : હા, હા, હા.
પોલીસ : ફાંસી આપવાની સાંભળ્યા પછી પણ તું કેમ હસે છે ?
કેદી : કારણ કે હું તો સવારે આઠ વાગ્યા સુધી સૂતો હોઉ છું.


# : બાળગીત : વગાડો ઢોલ નગારાં

વગાડો ઢોલ નગારાં
રાત પડે ને દોડી આવે આભમાં તારા.
રાત પડે ને ચાંદા સાથે માંડે વાતનાં વારા
ટમટમ ટમટમ હસતા રહેતા–ને ઝળહળતા સારા.
આભનાં ખોળે સુંદર–સુંદર તેજ તણા કુવારા
મીઠું મીઠું મોં મલકાવે વળી લગાવે નારા
ભારતનાં બાલુડાં સઘળાં લાગે મુજને પ્યારા.
વાહ વાહને હું હરખાયો ને હરખાઈ ધારા
જય જય જયજય તારા ગાયે વાગે ઢોલ નગારા

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# પૂ. ડોંગરેજ મહારાજની અમૃતવાણી



**શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય**

૧૦૧ – વૈરાગ્ય વગરની ભકિત રડે છે, ભોગ ભકિતમાં બાધક છે.
૧૦૨ – સુખી થવું હોય તો સંસારનાં વિષયો સાથે બહુ પ્રેમ ન કરવો.
૧૦૩ – જ્ઞાન અને વૈરાગ્ય સાથે ભકિત વધે, તો ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે.
૧૦૪ – ભગવાન પ્રત્યે પ્રેમ વધારવા ભગવાનનાં અવતારોની કથા સાંભળો.
૧૦૫ – સંતને જોનારો પણ નિર્વકાર બને છે.
૧૦૬ – નિદ્રા અને નિંદા ઉપર જે વિજય મેળવે છે તે ભકિત કરી શકે છે.
૧૦૭ – તમારા દુઃખનું કારણ અંદર છે. અજ્ઞાન અને અભિમાન એ દુઃખનું કારણ છે.
૧૦૮ – મનુષ્યને પોતાની ભુલ જલદી દેખાતી નથી. જગતનાં કોઈપણ જીવનાં દોષ જોશો નહિ. પોતાનાં મનને સુધારો, તમારી ભુલ બતાવે એનો ઉપકાર ભુલશો નહી.
૧૦૯– મનુષ્યનો મોટામાં મોટો દોષ, એ પોતાને નિર્દોષ સમજે છે એ છે.
૧૧૦– સત્સંગમાં મનુષ્યને પોતાની ભુલનું જ્ઞાન થાય છે.

# જ્ઞાનમંજરી

**શબ્દ દેહ બક્ષતા શિલ્પીઓ**

(૨૧) ભારતીય સંગીતમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ કોણ મેળવી ? – પંડિત ઓમકારનાથ ઠાકુર
(૨૨) ગુજરાતી ભાષાની પ્રથમ આત્મકથા કઈ છે ? – મારી હકીકત (નર્મદ)
(૨૩) ગુજરાતી ભાષાનો પ્રથમ કાવ્યસંગ્રહ કર્યો છે ?– ગુજરાતી કાવ્યદોહન (દલપતરામ)
(૨૪) પ્રથમ નાટક કયુ છે ? – લક્ષ્મી (દલપતરામ)
(૨૫) ગુજરાતી ભાષાની પ્રથમ નવલકથા કઈ છે ? – કરણઘેલો (નંદશંકર મહેતા)
(૨૬) કાયદો અને ન્યાયના ક્ષેત્રમાં કોણ યોગદાન આપ્યુ છે ? – હરિલાલ કાણિયા
(૨૭) કવિ અને પત્રકાર ક્ષેત્રે કોણે યોગદાન આપ્યુ છે ?– હરિન્દ્ર દવે.
(૨૮) ગુજરાતીમાં જરી ઉદ્યોગનો વિકાસ કયાં સ્થળે થયો છે ? – સુરતમાં
(૨૯) ગુજરાતમાં ગરમ કાપડ ઉદ્યોગ કયાં વિકસ્યો છે ? – વડોદરા, જામનગર.
(૩૦) ગુજરાતીમાં હોઝિયરી ઉદ્યોગ કયાં વિકસ્યો છે.? – અમદાવાદ

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## બળદ બિચારો ઘાણીનો

ઘોડી ચડાવેલી સાયકલ પર બેસીને ખૂબ પેડલ મારતા હોય કે કિનારે દોરડું બાંધ્યું હોય તેવી હોડીને હલેસાં માર્યા જ કરતા લોકોને જોયા છે ?– બહુ હાસ્યાપદ લાગે !

એ લોકો ગતિ કરે છે,(એ નિમિત્તે એમને કસરત–લાભ મળે છે !) પરંતુ એક ઈંચ પણ પ્રગતિ કરતાં નથી.

ગતાનુગતિક રોજીંદા જીવનની ઘરેડમાં જીવનારા ઉઘમાં–ઘેનમાં–ઘેટા પેઠે ચાલતા રહે છે,(ને એમાં જ મોજ મનાવે છે !) તેમનો આધ્યાત્મિક વિકાસ શકય જ નથી.

ઘણાં ‘શ્રીમંતો’ આવા ‘ગરીબ’ હોય છે !

# આને ઓળખો છો ?

## ડાલામથ્થો એટલે એશિયાઈ સિંહ



એશિયાઈ સિંહ એ બિલાડી કુળનું સૌથી ઉચુ અને આફ્રિકન સિંહ પછી સૌથી મોટું પ્રાણી છે.

આ પ્રાણી આખા વિશ્વમાં માત્ર ગુજરાત રાજયનાં આવેલા સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલા ગીર અભ્યારણ્યમાં જોવા મળે છે.

સામાન્ય રીતે શિયાળાની ઋતુમાં, જંગલમાં રસ્તાની આજુબાજુ ખુલ્લા વિસ્તારોમાં તથા ઉનાળાની ઋતુમાં જળ સ્ત્રોતોની આજુબાજુ જોવા મળે છે.

એશિયાઈ સિંહ એ ભારતમાં જોવા મળતી પાંચ “મોટી બિલાડી”ઓમાંથી એક છે. અન્ય ચાર પ્રજાતિમાં બેંગાલ ટાઈગર, ભારતીય દિપડો, બરફનો દિપડો અને ધબ્બેદાર દિપડો વગેરે છે. પહેલાનાં સમયમાં તે અરબસ્તાનથી છેક સુમાત્રા સુધી જોવા મળતા હતા, ત્યારે તેની ત્રણ પ્રજાતિઓ હતી.

બંગાળનાં સિંહ અરેબીયાનાં સિંહ અને ઈરાનનાં સિંહ, વખત જતાં આજે તે ફકત ભારતનાં થોડા ભાગ પુરતા જ જોવા મળે છે.

હાલ આફ્રિકામાં જોવા મળતા સિંહ કરતા તે આકારમાં નાના અને રંગ ઝાંખો હોય છે. પરંતુ આક્રમકતા આ બન્ને પ્રાણીઓમાં સરખી જ હોય છે.

# રાણી લક્ષ્મીબાઈ

– શશિ શર્મા



**ભાગ–૩૧**

રાણીએ વિચાર્યુ કે હવે માતૃભૂમિ પર પ્રાણોનું બલિદાન આપવાનો સમય આવી ગયો છે. એમણે બંને હાથમાં તલવાર લીધી અને અંગ્રેજોનાં મોરચા તરફ ધસી ગયાં. અંગ્રેજોનો મોરચો ખૂબ મજબૂત હતો. એણે બંને તરફથી રાણીની ફોજને ઘેરી લીધી હતી.

આ સમયે કોઈપણ રીતે રાણીનું નીકળવું ખૂબ જરૂરી હતું. રાણી ઘોડાની લગામ મોંમાં દબાવીને બંને હાથે તલવાર ચલાવતાં અંગ્રેજી ફોજ વચ્ચે રસ્તો બનાવી ઘણી ઝડપથી આગળ વધવા લાગ્યાં. દક્ષિણ–પશ્ચિમ દિશા બાજુ એક નાળું હતું. રાણી આ નાળું પાર કરીને સુરક્ષિત સ્થાને પહોંચવા માંગતા હતા. પરંતુ અંગ્રેજો રાણીની ચારે બાજુ મજબૂત ઘેરો બનાવતા આગળ વધતા હતાં. રાણીની બહાદુરી જોઈને અંગ્રેજ સૈનિકો દંગ રહી ગયા હતા. પણ તેઓ ગમે તે રીતે આ મોકો ખોઈ દેવા નહોતા માગતા. રાણી અંગ્રેજોનો વ્યૂહ ચીરતાં આગળ નીકળી ગયાં. આગળ નાળું હતું. રાણીનો ઘોડો નવો હતો એટલે એ જડ જેવો થઈ ગયો. ઘણી કોશિશ કરવા છતાં એ આગળ ના વધ્યો. એટલામાં પીછો કરી રહેલા અંગ્રેજ સિપાઈઓ રાણી પાસે પહોંચી છતાં એ આગળના વધ્યો એટલામાં પીછો કરી રહેલા અંગ્રેજ સિપાઈઓ રાણી પાસે પહોંચી ગયા. એક ગોરાએ બંદૂક ચલાવી. ગોળી રાણીને વાગી. લોહી વહેવા લાગ્યું. પણ રાણી કોઈ પણ ભોગે અંગ્રેજોનાં હાથમાં પડવા માગતા નહોતાં. એમણે તલવારથી એ ગોરા સૈનિકો તો ભાગવા માંડયા. એટલામાં રાણીનાં બચેલા સિપાઈઓ રાણીની પાસે આવી ગયા. એ સૌએ પણ જોયું કે રાણીનાં ઘામાંથી ઘણું લોહી વહી રહ્યું હતું.

એમણે રાણીને ઘોડા પરથી નીચે ઉતાર્યા. રાણીનું શરીર નબળું થવા લાગ્યું હતું. રાણીને લાગ્યું કે હવે અંત નિકટ છે. એમની ઈચ્છા હતી કે મૃત્યુ બાદ પણ એમના શરીરને પાપી અંગ્રેજો સ્પર્શ ના કરે. આથી સિપાઈઓ નજીકમાં જ આવેલી ગંગાદાસની કુટિરમાં રાણીને લઈ ગયા અને અશ્રુભીની આંખે રાણીનાં અંતિમ સંસ્કાર કર્યા. એ જગ્યાએ એમણે જલદી જલદી રાણીની સમાધિ બનાવી, જેથી અંગ્રેજોને રાણીની રાખ પણ ના મળે.

સૌની આંખોમાં આંસુ હતાં. દેશની એ વીર પુની બહાદુરી અને સાહસ પર બધાં ગૌરવ અનુભવી રહ્યાં હતાં, અને વિચારતાં હતાં કે જે દેશમાં મહારાણી લક્ષ્મીબાઈ જેવી વીરાંગનાઓ છે, એ દેશ વધુ સમય માટે ગુલામ ના રહી શકે. ઝડપથી સ્વતંત્ર થશે. સાથે જ રાણીનાં એ બલિદાનને વ્યર્થ જવા ન દેવાયું. રાણીએ અંગ્રેજોને ભારતમાંથી હાંકી કાઢવાનું અને આઝાદી મેળવવાનું જે સપનું જોયું હતું એ ભારતવાસીઓએ પૂરું કર્યુ. આપણો દેશ અને આગામી પેઢીઓ રાણીનાં સાહસ અને વીરતાનાં ગીત હંમેશા ગાશે.

‘ખૂબ લડી મર્દાની, વહ તો ઝાંસી વાલી રાની થી.’

# નિબંધ : મે કરેલો પ્રવાસ

મારૂ નામ સૈયદ તસ્કીન મુસ્તાકભાઈ છે હું ધોરણ ૯ માં અભ્યાસ કરવાની છું.

અમારી શાળામાંથી ગયા વર્ષે અમને લોકોને ગાંધીનગર ગામની મુલાકાત પર લઈ ગયા હતા. અમે શાળાએથી સવારે ૮:૦૦ કલાકે ગાંધીનગર જવા માટે નીકળ્યા હતા. અમે લોકો બપોરનાં ભોજન સમયે ત્યાં પહોંચયા ત્યાં જમ્યા અન અમારા શિક્ષકોએ તેના વિશે માહિતી આપી કે ગાંધીનગર કુલ ૩૦ સેકટરોમાં વહેચાયેલું છે. ગાંધીનગરએ ગ્રીનસીટી તરીકે પણ ઓળખવામાં આવે છે. ગાંધીનગરમાં ઘણાં બધા જોવા લાયકના સ્થળો છે. જેમ કે વિઠ્ઠલભાઈ પટેલ વિદ્યાભવન, ગાંધીજીની સ્મૃતિ, ગાંધીધામ મંદિર, અક્ષરધામ મંદિર અને હું અક્ષરધામ વિશે થોડુ જાણું પણ છું.

અક્ષરધામ બે સંસ્થાનું આવેલું છે. ત્યાં ઘણી બધી રાઈડસ પણ છે. અને એના જેવું જ એક ધામ સુરતમાં પણ બની રહયું છે. પછી અમે લોકો ત્યાં વિઠ્ઠલભાઈ પટેલ વિદ્યાભવનની મુલાકાત પર ગયા ત્યાં અંદર જવા માટે ગેટ પાસે બધા લોકોની તલાસી લીધી અને પછી જ બધાને અંદર જવા માટે મંજુરી આપી અમને લોકોને ત્યાંથી ઘણું બધું જાણવા મળ્યું. દેશ વિશે લોકો વિશે લોકોનાં ન્યાય અને જીવન વિશે વગેરે.

ગાંધીનગરના રોડ નામો કકકા પરથી રાખવામાં આવ્યા છે ક.ખ,ગ, ધ, જ,ઝ અલગ–અલગ નામો પણ છે. અને ત્યાં રસ્તા પર અલગ–અલગ અને ઘણા મોટા પોસ્ટરો પણ લગાડવામાં આવ્યો છે. અને તે સીટીમાં ઘણી બધી શાળાઓ છે જે શાળામાં વિદ્યાર્થીઓને બધી જ સગવડો પુરી પાડવામાં આવે છે.

**નામ : સૈયદ તસ્કીન એમ. (ધોરણ – ૯ –એ, શાળા : રૂપાયતન, દિપક હાઈસ્કુલ, અમરેલી.)**

# આપો જવાબ....


(૧) ડીઝલ એન્જિનની શોધ કોણે કરી હતી ?
(રૂડોલ્ફ – ડીઝલે)
(૨) ગુજરાતમાં સૌથી મોટો મહેલ કયો છે ?
લક્ષ્મી વિલાસ પેલેસ, વડોદર
(૩) હું મંદિરો, બૌદ્ધ ધર્મ અને યોગ માટે પ્રખ્યાત શહેર છું ?
– વારાણસી
(૪) કોટા એ કઈ નદીનાં કીનારે આવેલું છો ?
રાંબલ
(૫) ભારતનો સૌથી મોટો ગુંબજ કયો છે ?
– વિશ્વશકિત લાઈબ્રેરી
(૬) ભરતનાટયમ્ નૃત્ય કયાં રાજયમાંા આવેલું છે ?
– તમિલનાડું
(૭) માઉન્ટ આંબુ કયાં રાજયમાં આવેલું છે ?
– રાજસ્થાન
(૮) માથેરાન હિલ સ્ટેશન કયાં રાજયમાં આવેલું છે ?
– મહારાષ્ટ્ર
(૯) ચંડીગઢનું વિશિષ્ટનામ શું છે ?
– ત્રણ પ્રદેશોની રાજધાની
(૧૦) ઈજિપ્ત દેશનું વિશિષ્ટ નામ શું છે ?
– નાઈલ નદીની ભેટ
(૧૧) ઓસ્ટ્રેલીયા દેશનું વિશિષ્ટ નામ શું છે ?
– સ્વેનેરિ ઉનની ભૂમી

**– રાણવા પ્રકૃતી જે. ધોરણ – ૬ (બી), રૂપાયતન પ્રા.શાળા, અમરેલી.**


# ગીત : છમ છમ છપાક

છમ છમ છપાક નાચે છે,
ધમધમ ધડામ ગાજે છે,
ટીપાં ફોરા સાંબેલાની ધાર થઈને આવે છે.
મેહુલિયો...રે આયો...
આયો... મેહુલિયો
મધમધ માટી ચાખે છે.
સાતે દરિયા નાખે છે.
વીજલડીની પીઠ ઉપર અસવાર થઈને આવે
મેહુલિયો...રે આયો...
આયો... મેહુલિયો...
રંગીન સપનાં આવે છે,
નવજીવન સજાવે છે.
તડકો છાંયો દો–ધારી તલવાર લઈને આવે છે..
મેહુલિયો... રે... આયો...
આયો... મેહુલિયો.


# આ મારું ચિત્ર છે





ખ્યાતિ વિપુલભાઈ ડાભી
(ધો.૫, રૂપાયતન પ્રા.શાળા, અમરેલી)



સોહલીયા જેનીલ
(ધો.૬–અ)



રાઠોડ એન્જલ મુકેશભાઈ
(ધો.૭–અ, રૂપાયતન પ્રા.શાળા, અમરેલી)




નિતી
(ધો.૭–અ, રૂપાયતન પ્રા.શાળા, અમરેલી)

# ગીરગઢડાનાં આંબાવાડ ગામનાં ખેડૂત ઉકાભાઈ વઘાસિયાએ વાંચનનાં શોખથી ઘરમાં જ બનાવ્યું પુસ્તકાલય



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

સામાન્ય ખેડૂત પરિવારમાંથી માત્ર ૩ ચોપડી ભણેલા અને હાલ આશરે ૭૨ વર્ષનાં આધેડ વયનાં ઉકાભાઈ બાળપણમાં તેમના ગામની શાળામાં ૧૯૫૭ માં શાળાનાં પ્રથમ વિદ્યાર્થી હતા. પરિવારનાં સભ્ય તેમના કાકા પાસેથી પ્રેરાઈને વાંચન પ્રત્યે રુચિ થઈ આવી. અને ફરી તેમની આ વાંચન પ્રત્યેની રુચિ અવિરત ચાલતી આવે છે અને આજે એક ઓરડો ભરીને પુસ્તકો એકઠા કર્યા છે. ખેતરનાં કામમાંથી સમય મળતાં રોજ વિવિધ વિષયો ઉપર વાંચન કરવાનો અનોખો શોખ છે. વિવિધ સાહિત્ય, ઈતિહાસ, ધાર્મિક સાહિત્ય, સાંપ્રદાયિક સાહિત્ય અને ગાંધીજીનાં જીવન આધારિત સાહિત્ય, આઝાદી પછીનાં સાહિત્યને લગતા વિવિધ પુસ્તકો સાથે સાથે વિજ્ઞાનને, ખેતીને લગતા અને અન્ય વિષયને લગતા પુસ્તકો વાંચનનો શોખ તેમને તેમના આ વાંચન પ્રત્યેના શોખથી તેમના જીવનની સંકુચિતતા દૂર થઈ છે. વાંચનથી બધા જ લોકો સાથે મિત્રતાનો સંબંધ કેળવ્યો છે. વાંચનનાં શોખનાં લીધે ઘણાં મિત્રો મળ્યા અને આ મિત્રો તેમને આદરભાવ આપે છે. પરિવારમાં તેમના પત્ની સવિતા બેનને પણ આ વાંચનનાં શોખમાં રુચિ જાગી અને એ પણ નવી કોઈ પુસ્તક આવતા એ બુકસ અચૂકથી વાંચે છે. અને એ બુકસનાં સારા વિષય ઉપર ચર્ચા પણ કરે છે. તેમના પત્નીને આ વાંચન વગર હવે ઉંઘ આવતી નથી. હાલ નિવૃત્તિ જીવન પસાર કરતા બંને દંપતી તેમની નવરાશની પળોમાં તેમનો આ વાંચનનો શોખ પૂરો કરે છે. અને હજુ પણ નવી બુકસ મંગાવતા હોય છે. વાંચેલી અને ઉપયોગી બુકસ રસ ધરાવતા લોકોને આપે છે અને ઘણી શાળાઓમાં દાન પણ કરે છે. આજુબાજુનાં વિસ્તારનાં લોકો ઉકાભાઈને તેમના ઘરની અંદર આ પુસ્તકાલયની મુલાકાત પણ લેતા હોય છે અને ઉકાભાઈ તેમના આ વાંચનનાં શોખથી ખૂબ જાણીતા પણ છે. પશ્ચિમ ક્ષેત્ર ભાષા કેન્દ્ર, પુણાની સંસ્થા દ્વારા પણ તેમના આ ઘરની અંદર વસાવેલા પુસ્તકાલયની મુલાકાત લેવામાં આવેલ અને તેમના આ સાહિત્યનાં શોખની નોંધ લેવામાં આવેલ.

## પાના ૮ ઉપરનું ચાલું બે આરોપીને આજીવન કેદની સજા

અલગ અલગ કલમ નીચે જીવનનાં અંતિમ શ્વાસ સુધીની જેલની સજા તથા રૂા. ૯૭–૯૭ હજાર દંડની સજાનો હુકમ કર્યો હતો અને વળતરની રકમમાંથી ભોગ બનનાર તરૂણીને વળતર આપવાનો પણ હુકમ કર્યો હતો.

## અવસાન નોંધ

**ચિતલ :** જેતપુર નિવાસી ઔદિચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ (ચારણીયા તડ મૂળ આંબરડી)નાં સ્વ. વૃજલાલ મોહનલા પંડયાનાં ધર્મપત્ની તે કમળાબેન (ઉ.વ. ૫૭) તે હિતેષભાઈ (લાલો) તથા ભાવેશભાઈ પંડયા (સીતારામ વડાપાઉંવાળા)નાં મોટાબા તથા હેતલબેન જતીનકુમાર શુકલ (પોરબંદર) તથા ઈલાબેન પ્ન્ટુિકુમાર ત્રિવેદી (હરીઓમ મેડીકલ ચીતલ)નાં માતુશ્રીનું તા. ૧૦/૮/૨૩ને ગુરૂવારનાં રોજ જેતપુર મુકામે દુઃખદ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૨/૮/૨૦૨૩ને શનિવારે સાંજના ૪ થી ૬ ગાયત્રી મંદિર, કોટડીયાવાડી, જેતપુર ખાતે રાખેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૧૫ | ૧૫૨૫ |
| ૨ | મગફળી | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ૩ | ઘઉં | ૩૦૦ | ૪૪૫ |
| ૪ | ચણા | ૯૫૬ | ૯૫૬ |
| ૫ | મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૬ | શીંગદાણા | ૧૬૨૦ | ૧૬૨૦ |
| ૭ | એરંડા | ૧૧૫૦ | ૧૧૫૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૪૩૮ | ૧૬૦૭ |
| ૨ | શિંગ મોટી | ૧૦૧૦ | ૧૬૭૦ |
| ૩ | શિંગદાણા | ૧૬૨૫ | ૨૧૦૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૬૦૦ | ૧૯૨૦ |
| ૫ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૪૯૮ |
| ૬ | તલ કાળા | ૨૮૦૦ | ૩૨૮૩ |
| ૭ | બાજરો | ૪૪૪ | ૪૪૪ |
| ૮ | જુવાર | ૬૬૧ | ૯૨૮ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૨૫ | ૬૦૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૦૧ | ૫૩૫ |
| ૧૧ | ચણા | ૭૪૫ | ૧૦૩૧ |
| ૧૨ | તુવેર | ૭૩૫ | ૧૬૨૫ |
| ૧૩ | વાલ | ૬૫૦ | ૧૬૦૦ |
| ૧૪ | કપાસ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ૧૫ | એરંડા | ૧૧૨૩ | ૧૨૨૫ |
| ૧૬ | ધાણા | ૧૨૨૨ | ૧૩૫૦ |
| ૧૭ | મેથી | ૧૨૨૬ | ૧૩૨૨ |
| ૧૮ | સોયાબીન | ૯૧૮ | ૯૨૮ |

## દૂધસાગર રોડ પર પાણીની પાઈપલાઈનમાં ભંગાણ

રાજકોટ, તા. ૧૧

રાજકોટમાં દૂધસાગર રોડ પર પાણીની પાઈપલાઈનમાં ભંગાણ થતા રસ્તા પર જાણે નદી વહેવા લાગી હોય દેવા દ્રશ્યો સામે આવ્યા છે. આજે વહેલી સવારે દૂધસાગર રોડમાંથી પાણી બહાર નીકળતાં લોકો આશ્ચર્યમાં મૂકાઈ ગયા હતા. જે પછી લોકોને જાણ થઈ હતી કે પાઈપલાઈનમાં ભંગાણ થવાના કારણે પાણીના ફોર્સથી રોડ તૂટી ગયો હતો અને પાણી બહાર આવી રહ્યું હતું. જોતજોતામાં રસ્તા પર જાણે નદી વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. જે અંગે સ્થાનિકોએ તંત્રને જાણ કરતાં તાત્કાલિક સમારકામ શરૂ કરવામાં આવ્યું હતું.

## પાના ૧ ઉપરનું ચાલું અંધાપાકાંડનો ભોગ બનનારને

નિર્ણય જાહેર કરેલ.

જે જાહેરાતને આજે ૨૦ દિવસ પસાર થયા છતાં ૧૨ દર્દીઓને સહાય પેટે ફૂટી કોડી મળી ન હોય ભોગ બનનાર છેલ્લા ૨–૩ દિવસથી હોસ્પિટલમાં ધકકા ખાઈ રહ્યા હોય કોઈ યોગ્ય પ્રત્યુત્તર મળતો ન હોય સોમવાર સુધીમાં જાહેર થયેલ સહાય ન મળે તો મંગળવારથી ભોગ બનનાર હોસ્પિટલનાં પટાંગણમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે તેવું ભોગ બનનારનાં પરિવારજનોએ જણાવેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૨૦ | ૧૬૦૪ |
| ૨ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૩૦૦ |
| ૩ | ઘઉં | ૪૨૫ | ૪૬૯ |
| ૪ | ચણા | ૮૫૦ | ૯૭૯ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૩૫૧ | ૧૫૭૫ |
| ૨ | શીંગદાણા | ૧૭૫૧ | ૨૦૦૦ |
| ૩ | તલ સફેદ | ૩૦૫૦ | ૩૪૮૦ |
| ૪ | તલ કાળા | ૨૮૫૦ | ૩૨૬૦ |
| ૫ | જીરૂ | ૧૦૦૦૦ | ૧૦૨૫૦ |
| ૬ | કપાસ | ૧૦૬૦ | ૧૫૮૫ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૧ | ૫૪૪ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૧૧ | ૫૯૧ |
| ૯ | બાજરો | ૩૭૫ | ૪૭૬ |
| ૧૦ | જુવાર | ૪૫૦ | ૬૫૦ |
| ૧૧ | ચણા | ૯૦૦ | ૧૦૫૧ |
| ૧૨ | તુવેર | ૧૮૫૦ | ૧૯૦૦ |
| ૧૩ | એરંડી | ૧૧૭૭ | – |
| ૧૪ | ધાણા | ૧૪૦૦ | ૧૪૫૧ |
| ૧૫ | સોયાબીન | ૯૩૦ | – |

## પાના ૧ ઉપરનું ચાલું કાકા–કાકીની માથાકૂટમાં

કાકા વિનુભાઈ ભાકાભાઈ વાઘેલા તથા કાકી તેજુબેન બજારમાં ઝગડો કરી ગાળો બોલતા હોય. જેથી પ્રવિણભાઈ તથા તેમના પત્ની આ કાકા–કાકીને છોડાવવા વચ્ચે પડતા કાકા–કાકીએ ઉશ્કેરાઈ જઈ અને ભત્રીજાને પાઈપ વડે મારવા દોડતા ભત્રીજો ભાગી જતાં ઉશ્કેરાયેલા કાકાએ ભત્રીજાની ૭ વર્ષની પુત્રીને માથામાં પાઈપ મારી દઈ ગંભીર ઈજાઓ કરતાં બાળકીને પ્રથમ દામનગર અને વધુ સારવાર માટે અમરેલી દવાખાને ખસેડવામાં આવેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીમાં અનુ.જાતિનાં બાળકોનાં

દ્વારા રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ, દિલ્હીમાં અમરેલી ખાતે છેલ્લા બે વર્ષથી બંધ રહેલ ડો. બાબાસાહેબ આંબેડકર કુમાર છાત્રાલય પુનઃ શરૂ કરવા અને જર્જરિત બિલ્ડીંગના સ્થાને નવું બિલ્ડીંગ બનાવવાની બાળકોનાં માનવ અધિકાર ભંગની ફરિયાદ કરેલ હતી.

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગને કરેલ પિટિશનમાં માનવ અધિકાર કાર્યકર્તા કાંતિલાલ પરમાર દ્વારા જણાવેલ હતું કે, અમરેલી શહેરમાં છેલ્લા બે વર્ષથી જર્જરિત બિલ્ડીંગનાં લીધે અમરેલી ખાતે આવેલ અનુસૂચિત જાતિના બાળકોના અભ્યાસ માટેનું ડો. બાબાસાહેબ આંબેડકર કુમાર છાત્રાલય બંધ હાલતમાં છે જેને ચાલું કરવું ખૂબ જ જરૂરી છે.

હજુ સુધી નવું છાત્રાલયનું બિલ્ડીંગ બનેલ ન હોવાથી બાળકો માટે વૈકલ્પિક વ્યવસ્થા કરી અન્ય જગ્યાએ કામ ચલાઉ છાત્રાલય પણ શરૂ થયેલ નથી તેવી લેખિતમાં રજૂઆત કરેલ હતી.

અમરેલી શહેરમાં અનુસૂચિત જાતિના બાળકો છાત્રાલયમાં રહી સારી રીતે શિક્ષણ મેળવી ઉચ્ચ અભ્યાસ કરી શકે તે માટે સમાજ કલ્યાણ વિભાગ સંચાલિત ડો. બાબાસાહેબ આંબેડકર કુમાર છાત્રાલય છેલ્લા બે વર્ષથી જર્જરિત બિલ્ડીંગના કારણે બંધ હાલતમાં છે. છાત્રાલય માટે નવું બિલ્ડીંગ બને ત્યાં સુધી બાળકોનો અભ્યાસ ન બગડે તે માટે વૈકલ્પિક રીતે છાત્રાલય ચાલું કરવી જોઈએ તેવી માંગણી કરવામાં આવેલ છે.

આ મુદે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ, દિલ્હીમાં માનવ અધિકાર કાર્યકર્તા કાંતિલાલ પરમાર દ્વારા રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગમાં અનુસૂચિત જાતિના બાળકોના માનવ અધિકાર ભંગની ફરિયાદ કરતાં માનવ અધિકાર આયોગ દ્વારા ગાંધીનગર ખાતે બેસતા રાજયના સામાજિક અને ન્યાય અધિકારીતા વિભાગના અગ્ર સચિવને નોટિસ આપી આ મુદે તાત્કાલીક કાર્યવાહી કરવાનો નિર્દેશ કરેલ છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૬૫ |
| ૨ | ચણા | ૬૩૧ | ૯૮૬ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૦૬ | ૫૫૬ |
| ૪ | લસણ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૫ | સોયા | ૯૧૫ | ૯૧૮ |
| ૬ | ઘઉં લોકવન | ૪૭૭ | ૪૮૪ |
| ૭ | અજમા | ૨૧૫૦ | ૨૧૫૦ |
| ૮ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૯ | મગ | ૧૪૭૦ | ૧૪૭૦ |
| ૧૦ | મગફળી | ૧૧૫૦ | ૧૬૦૦ |
| ૧૧ | શીંગદાણા | ૧૫૦૦ | ૧૬૪૧ |
| ૧૨ | બાજરો | ૪૪૫ | ૪૪૫ |
| ૧૩ | ધાણા | ૧૨૦૭ | ૧૪૦૦ |

## પાના ૮ ઉપરનું ચાલું જનતા જનાર્દનનાં પરસેવાનાં

પ્રમાણમાં અરજદારો આવતા હોય છે. અનાયાસે આ મધમાખી હુમલો કરે તો લોકોને યાતના ભોગવવાનો વારો આવે તેમ છે. અને જો આ મધમાખી ઝેરી હોય તો કોઈનો જીવ પણ મુશ્કેલીમાં મુકાય શકે છે. આ અંગે અખબારે પહેલા પણ સમાચાર પ્રસિદ્ધ કરેલા પણ એ.સી. ઓફિસમાં બેસતાં અધિકારીઓ અને કર્મચારીઓ અંગે કોઈ ફરજ હોય તેવું લાગતું નથી. લોકોનાં સ્વાસ્થય માટે સરકાર કરોડો રૂપિયા ખર્ચ કરે છે અને ટેકસ વસૂલ કરે છે. આ ટેકસનાં પૈસાથી સરકારી કચેરીઓમાં સુવિધાઓ ઉભી કરે છે. પણ ગીરગઢડા સેવા સદનનાં અધિકારીઓ દ્વારા આ પ્રજાનાં પૈસાથી ઉભી કરવામાં આવેલ ઈમારતનું જતન કરવામાં કોઈ જ રસ નથી. કચેરીમાં આવતા અરજદારોને પીવાનાં પાણી માટે આર.ઓ. તો મૂકવામાં આવ્યું પણ આ આર.ઓ. પાણીનાં પરબને લોકોએ થૂંકદાની બનાવી દીધી હોય તેવું લાગે છે. અને અહીં પાણી તો પીવા યોગ્ય નથી પણ બેફામ પાણીનો બગાડ અહીં થઈ રહ્યો છે. અહીં કરોળિયાનાં જાળાનાં અનેક ઘર જોવા મળી રહ્યાં છે. અનેકવાર આ અંગે રજૂઆત કરવા છતાં પણ અહીં સફાઈ અંગે કોઈ દરકાર લેતા નથી. અધિકારીઓને કોઈનો ડર નથી. જનતાનાં પૈસાથી પગાર મેળવતા આ અધિકારીને જનતા સ્વાસ્થય અંગે કોઈ દરકાર નથી.

## અમારા કહ્યામાં નથી



વિશાલ જયંતિભાઈ ડોબરીયા

બાજુમાં ફોટાવાળા અમારા પુત્ર **વિશાલ જયંતિભાઈ ડોબરીયા, રહે. દેવળકી ગામ વિસ્તાર, તા. કુંકાવાવ–વડિયા, જી. અમરેલી.** અમારા કહ્યામાં ન હોય, અને આવારાગર્દી કરી સમાજ વિરોધી ગેરકાયદેસર કાર્યો કરતા હોય અને છેલ્લા કેટલા સમયથી અમારી સાથે પણ રહેતા ન હોય, તેમજ હાલ કયાં છે તેની પણ અમારી પાસે કોઈ માહીતી ન હોય તેમજ **વિશાલ જયંતિભાઈ ડોબરીયા** એ કરેલા કોઈપણ જાતના નાણાકીય વ્યવહારો અમોને બંધનકર્તા રહેશે નહીં. તેમજ તે સંદર્ભે અમોની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી. તેની સર્વે લાગતા – વગળગતા, સગા–સંબંધીઓએ નોંધ લેવી.

**લી. જયંતિભાઈ બચુભાઈ ડોબરીયા**
રે. દેવળકી, તા. કુંકાવાવ–વડિયા, જી. અમરેલી.
મો.નં. ૯૯૭૪૫ ૮૨૩૧૭

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૭૦૧ | ૩૩૧૧ |
| ૨ | તલ કાળા | ૩૦૧૧ | ૩૦૧૧ |
| ૩ | કપાસ | ૧૨૭૬ | ૧૬૦૧ |
| ૪ | બાજરો | ૪૬૦ | ૪૭૭ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૪૮ | ૪૬૦ |
| ૬ | જુવાર | ૮૦૧ | ૯૯૧ |
| ૭ | ચણા | ૯૦૦ | ૯૦૦ |
| ૯ | સોયાબીન | ૮૦૧ | ૮૦૧ |

# અમરેલીની ગજેરા સ્કૂલમાં સાયબર ક્રાઈમ અવેરનેસ સેમિનાર યોજાયો



અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા ઉચ્ચતર માધ્યમિક શાળા અને શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા માધ્યમિક શાળાનાં ધોરણ ૯ થી ૧૨નાં વિદ્યાર્થીઓ માટે સાયબર ક્રાઈમ અવેરનેસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. આ સેમિનારમાં પી.આઈ. પ્રસાદ અને પી.એસ.આઈ કડછા તેમજ સ્ટાફ દ્વારા પ્રેઝન્ટેશનનાં માધ્યમથી સાઈબર ફ્રોડ જેવા કે એટીએમ ચોરી, મોબાઈલનાં માધ્યમથી થતાં ફ્રોડ, સોશ્યલ મીડિયા તેમજ ટેક્નોલોજીનો ઉપયોગ કરી તાજેતરમાં ફ્રોડ થયા હોય તેમની વિસ્તૃત માહિતી આપી અને વિદ્યાર્થીઓને સાયબર ફ્રોડ વિશે નોલેજ આપવામાં આવેલ હતું. આ સેમિનારનાં માધ્યમથી વિદ્યાર્થીઓ સમાજમાં અને પોતાનાં ઘરે તેમજ અન્ય લોકોને સાયબર ફ્રોડ વિશે જાણકારી આપી સાયબર ક્રાઈમ થતાં પહેલા જ અટકાવી શકાય તેવું ખૂબ જ જરૂરી જ્ઞાન મેળવેલ હતું. આ સેમિનારમાં ડાયરેકટર વસંતભાઈ પેથાણી, સુપરવાઈઝર વિપુલભાઈ, પ્રિન્સીપાલ પિયુષભાઈ અને ભગવાનભાઈ તેમજ સ્ટાફગણ ઉપસ્થિત રહ્યાં હતા. આવા સેમિનાર થકી વિદ્યાર્થીઓને નોલેજેબલ અવેરનેસ મળે તે માટે આયોજન કરવા બદલ પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ ટ્રસ્ટીઓએ અભિનંદન પાઠવ્યાં હતા.

# અમરેલી ખાતે લાયન્સ કલબ દ્વારા નેત્રનિદાન કેમ્પ યોજાયો



અમરેલી, તા. ૧૧

લાયન્સ કલબ ઈન્ટરનેશનલનાં સાઈટ ફર્સ્ટ પ્રોજેકટ હેઠળ લાયન્સ કલબ ઓફ અમરેલી(સીટી) તેમજ નેત્રાલય અને રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર–મુંબઈનાં આર્થિક સહયોગથી અમરેલી શહેરનાં નગરજનો અને ગ્રામજનો માટે જુના માર્કેટીંગ યાર્ડમાં પ્રથમ માળે આવેલ લાયન્સ હોલ(હોટલ લોર્ડસ ઈકો ઈનની સામે)માં નવમો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું.

નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પનું દીપ પ્રાગટય ગુજરાત વિધાનસભાનાં મુખ્ય નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયાનાં વરદ્હસ્તે કરવામાં આવેલ હતું. તેઓએ માનવતાવાદી સેવાકીય પ્રવૃતિઓ અંતર્ગત યોજાયેલ કેમ્પને સફળતા માટેની શુભેચ્છાઓ પાઠવી હતી. અમરેલી જિલ્લા પંચાયત તરફથી જલ્પેશભાઈ મોવલીયા ઉપસ્થિત રહેલા હતા. આ કેમ્પમાં ૬૮ દર્દીઓની આંખના તમામ રોગોની તપાસ નિષ્ણાંત ડો. પલકબેન મોદી દ્વારા કરવામાં આવેલ અને જરૂરિયાતમંદ ૨૬ દર્દીઓને મોતિયાનાં ટાંકા વગરનાં ઓપરેશન કરી નેત્રમણી આરોપણ વિનામૂલ્યે કરી આપવામાં આવેલ હતા.

# સા.કુંડલા : વી.ડી. ઘેલાણી કોલેજમાં વિશ્વ સિંહ દિનની ઉજવણી



સાવરકુંડલા, તા. ૧૧

શ્રીમતિ વી.ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજમાં ''મેરી મિટ્ટી મેરા દેશ'' અંતર્ગત વિવિધ કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી. શ્રી નૂતન કેળ વણી મંડળ સંચાલિત શ્રીમતિ વી.ડી. ઘેલાણી મહિલા ઘેલાણી મહિલા આર્ટસ કોલેજ સાવરકુંડલા ખાતે ''આઝાદી કા અમૃત મહોત્સવ'' અંતર્ગત ''મેરી મિટ્ટી મેરા દેશ''નાં નેજા હેઠળ માટીનાં કોડિયા દ્વારા દીપ પ્રાગટય અમૃત કળશ માટે માટીનાં કળશમાં માટી અને અક્ષત વડે માતૃભૂમિને સન્માન અર્પણ કર્યું. હોમગાર્ડસ જવાનોનું સન્માન. ''પંચ–પ્રણ–પ્રતિજ્ઞા'' જેવા કાર્યક્રમો યોજાયા હતા.

## લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈનનાં માધ્યમથી

# અમરેલીનાં મહિલા વિકાસગૃહને કેગન લાઈવ વોટર મશીન ભેટ અપાયું

## સહયોગ લા. રાજુભાઈ કાલાવડીયા દ્વારા કરવામાં આવ્યો



અમરેલી, તા. ૧૧

લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈનનાં માધ્યમથી મહિલા વિકાસગૃહને કેગન લાઈવ વોટર મશીન આશરે રૂા. અઢીલાખ(રૂા. ૨૫૦૦૦૦)નું લાયન્સ કલબનાં લા. રાજુભાઈ ઝાલાવાડીયાનાં સંપૂર્ણ સહયોગથી ઈફકોનાં ચેરમેન દિલીપભાઈ સંઘાણીનાં વરદ્હસ્તે એનાયત થયું હતું. જે એક પ્રેરણાદાયી અને પ્રશંસનીય કાર્ય હતું. દિલીપભાઈ સંઘાણીએ લાયન્સ કલબની પ્રવૃતિઓને બિરદાવી હતી અને આ કાર્ય અંગે અભિનંદન આપ્યાં હતા.

આ તકે મનીષભાઈ સંઘાણી કલબનાં પ્રમુખ કૌશિકભાઈ હપાણી, કાંતીભાઈ વઘાસીયા, રાજુભાઈ ઝાલાવાડીયા, ખજાનચી રજનીભાઈ ધોરાજીયા, દિનેશભાઈ ભુવા, ગોરધનભાઈ માદલીયા, ભાવેશ નાકરાણી, હિતેષ સોલંકી, મનીષ ટાંક, ભીખુભાઈ કાબરીયા હાજર રહી કાર્યક્રમને સફળ બનાવેલ તેમ કલબવતી રાજુભાઈ પરીખ જણાવે છે.

# કોટડાપીઠા ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત મારી માટી મારો દેશ કાર્યક્રમ યોજાયો



તસ્વીર : ભરત મહેતા–કોટડાપીઠા

બાબરા, તા.૧૧

બાબરા તાલુકાનાં કોટડાપીઠા ખાતે વાવડા રોડ પર આવેલ પ્લોટ શાળા ખાતે તા.૧૨/૮/૨૦૨૩ ના રોજ ગ્રામ પંચાયત દ્વારા મુખ્યત્વે પાંચ થીમ આધારીત કાર્યક્રમ જેમા કે શીલાફળ કમ (પથ્થરની તકતી–૧ દીવસીયા હાથમાં માટી લઈને પ્રતીજ્ઞા તેમજ વૃક્ષારોપણ, ધ્વજ વંદન તેમજ રાષ્ટ્રગાન સાથે મારી માટી મારો દેશ પ્લોટ શાળા ખાતે દેશભકિતની ભાવના સાથે યોજાઈ ગયાં જેમાં ગ્રામ પંચાયત તલાટી મંત્રી ગોલાતર, તેમજ ગામનાં અગ્રણી નાગરીકો પ્રફુલ ગજેરા, તુષાર રામાણી, જીવન ચોવટીયા, જે.બી. રાદડીયા, હાર્દિક ગજેરા, તેમજ પત્રકાર ભરત મહેતા, હાજરીમાં યોજાઈ ગયો જેમાં આંગણવાડી સંચાલીકાબેનો, તેમજ નાગરીકો ઉપસ્થિત રહીયા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં ગ્રામપંચાયતના તલાટી ગોલાતર, પ્લોટ શાળાનાં આચાર્ય, કાનડીયા, તેમજ શિક્ષક સ્ટાફે જહેમત ઉઠાવેલ તેમજ ગ્રામ પંચાયત ઓપરેટર ભાવેશ સંમેજા તેમજ હરેશ ગળીયાએ જ યોગદાન યોજેલ.

# ખાંભા ખાતે ''વિશ્વ સિંહ'' દિવસની ઉત્સાહભેર ઉજવણી



ખાંભા, તા. ૧૧

ખાંભાનાં ૫૭ ગામોની તમામ સરકારી ખાનગી શાળાઓ અને જે.એન. મહેતા હાઈસ્કૂલનાં વિદ્યાર્થીઓ ભાઈ–બહેનોએ સિંહ દિવસની આનબાન અને શાનથી ઉજવી સિંહ બચાવોનો સંદેશ આપ્યો.

ખાંભા જે.એન. મહેતા હાઈસ્કૂલ દ્વારા વિશ્વ સિંહ દિવસની ઉજવણીનાં કરાયેલા આયોજનમાં ખાંભાની હાઈસ્કૂલ સરકારી તમામ કુમાર, કન્યાશાળાઓ તેમજ ગુરૂકુળ શાળા, ક્રિષ્ના સ્કૂલનાં ૧૫૦૦ વિદ્યાર્થીઓ ભાઈ–બહેનોએ સિંહના મોહરા પહેરી વિશાળ રેલી સ્વરૂપે ખાંભાની મેઈન બજાર ભગવતીપરામાં ફરી હાઈસ્કૂલનાં વિશાળ હોલમાં સભા સ્વરૂપે ફેરવાયેલ. આ અવસરે આર.એફ.ઓ. રાજલબેન પાઠક, બાલાભાઈ ખુમાણ, અરવિંદભાઈ ચાવડા, બીઆરસી મેહુલ કાચા, મલાઈવ વ્યાસ, હાઈસ્કૂલનાં બે વિદ્યાર્થીઓએ પ્રસંગોચિત વકતવ્ય આપેલ પ્રિન્સીપાલ સતાસિયા દ્વારા સુંદર આયોજન કરાયેલ. આ કાર્યક્રમનું સંચાલન અજીતસિંહ ગોહિલે કરેલ.

વિશ્વ સિંહ દિવસ અવસરે ખાંભાનાં ગીરકાંઠાનાં ભાણીયા ગામે સરપંચ ભમ્મર દ્વારા તેમજ દલડી ગામે પ્રાથમિક શાળા દ્વારા રેલી સહિતનાં કાર્યક્રમનાં આયોજન કરવામાં આવેલ.

## વિશાળ રેલી સહિતનાં કાર્યક્રમો યોજાયા

# સા.કુંડલા : આંબરડી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં વિશ્વ સિંહ દિવસની ઉજવણી

## સિંહનું મહત્વ દર્શાવતા નારાઓ લાગાવાયા



આંબરડી, તા. ૧૧

૧૦ મી ઓગસ્ટ એટલે વિશ્વ સિંહ દિવસ જે અનુસંધાને શ્રી આંબરડી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સવારમાં પ્રાર્થના બાદ જ દરેક વિદ્યાર્થીઓને સિંહનાં મોહરા પહેરાવી અને ગામના રસ્તાઓ પર ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ સિંહને બચાવવા માટેનાં તેમજ સિંહનું મહત્વ દર્શાવતા નારાઓ બોલી એક ખાસ સંદેશ પાઠવ્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાનાં પર્યાવરણ અને ઈકો કલબ સાથે જોડાયેલા શિક્ષક એવા જે.પી. પાનસુરીયાએ કરેલ હતું. રેલી બાદ એમણે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને શપથ લેવરાવ્યાં હતાં. કાર્યક્રમનાં અંતમાં શાળાનાં પ્રિન્સીપાલ એમ.ડી. માલવિયા દ્વારા સિંહ એ સૌરાષ્ટ્રની શાન એ વિશે પ્રવચન આપ્યું હતું. અને કેળ વણી મંડળનાં પ્રમુખ દિપકભાઈ માલાણીએ સૌને અભિનંદન પાઠવ્યાં હતાં.

## નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાનાં અધ્યક્ષ સ્થાને

# વડિયાનાં અનીડા ખાતે શિલાફલકમ ધ્વજવંદન, પંચપ્રણ, વૃક્ષારોપણ સંપન્ન

## ગ્રામજનોએ ગામની માટી હાથમાં રાખી અને પંચપ્રણની પ્રતિજ્ઞા લીધી



અમરેલી, તા.૧૧

આઝાદીનાં અમૃત મહોત્સવ અંતર્ગત સમગ્ર દેશમાં તા.૩૦ ઓગષ્ટ–૨૦૨૩ સુધી ''મારી માટી મારો દેશ'' માટીને નમન વીરોને વંદન '' કાર્યક્રમ યોજાઈ રહયા છે.

આ કડીનાં ભાગરૂપે વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લાનાં વડિયા–કુંકાવાવ તાલુકાનાં અનીડા ગામે 'મારી માટી મારો દેશ'' માટીને નમન વીરોને વંદન' કાર્યક્રમ સંપન્ન થયો હતો.

પ્રાથમિક શાળાનાં પંટાગણમાં યોજાયેલા કાર્યક્રમમાં ગ્રામજનોની બહોળી ઉપસ્થિતિમાં નાયબ મુખ્ય દંડકના હસ્તે શિલાફલકમ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રાષ્ટ્રધ્વજને સલામી આપી ધ્વજ વંદનનો કાર્યક્રમ યોજાયો હતો. ગ્રામજનો અને ઉપસ્થિત મહાનુભાવોએ અનીડા ગામની પાવન માટીને હાથમાં રાખી આઝાદીનાં અમૃત મહોત્સવનાં પંચપ્રણની પ્રતિજ્ઞા લીધી હતી.

ગ્રામજનોને સંબોધતા નાયબ મુખ્યદંડક કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું હતું કે, દેશમાં પહેલીવાર દેશનાં વીરોને આટલા મોટા વિશાળ ફલક પર વંદન અને માટીને નમન કરવાનો કાર્યક્રમ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી યોજાઈ રહયો છે. ગામની માટી, ગામનાં વીરોને નમન અને વંદન કરી દેશનાં ગામે ગામની માટી દિલ્હી ખાતે લઈ જવામાં આવશે.

જયાં વડાપ્રધાનના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાશે. નાયબ મુખ્યદંડકએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, આ પ્રકારનાં કાર્યક્રમો દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દેશવાસીઓમાં દેશભકિત એન દેશદાઝને જાગૃત કરવાનું, દેશભકિત ઉજાગર કરવાનું કાર્ય કરી રહયા છે. કાર્યક્રમમાં સેનામાં ફરજ બજાવી વયનિવૃત થયેલા અનીડાના વીર જવાન રમેશભાઈ વાસાણીનું નાયબ મુખ્ય દંડકના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. શાળાનાં પટાંગણમાં અમૃત વાટીકાનાં ઉપલક્ષમાં વૃક્ષારોપણ કરી તેનાં જતનનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં જિલ્લા પંચાયતનાં પ્રમુખના પ્રતિનિધિ જલ્પેશભાઈ મોવલિયા, તાલુકા પંચાયતનાં પ્રમુખ પ્રતિનિધિ વસંતભાઈ સોરઠીયા, જિલ્લા અને તાલુકા પંચાયતનાં સદસ્યો, આસપાસનાં ગામનાં સરંપચઓ, વિદ્યાર્થીઓ, મહિલાઓ એન ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# લીલીયાનાં વાઘણિયા પ્રાથમિક શાળામાં વિશ્વ સિંહ દિવસની ઉજવણી



લીલીયા, તા. ૧૧

લીલીયાનાં વાઘણીયા ખાતે વિશ્વ સિંહ દિવસ નિમિત્તે શાળામાં સૌ પ્રથમ શાળાનાં આચાર્ય મનસુખભાઈ મેવાડા દ્વારા વિદ્યાર્થીઓને સિંહ સંવર્ધન અને સંરક્ષણ અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યાં હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા સિંહ જાગૃતિ અનુસંધાને વકતવ્ય રજૂ કરવામાં આવ્યાં હતા. સિંહ વિશેની વિવિધતાસભર માહિતીથી સૌ વિદ્યાર્થીઓ વાકેફ થયા હતા. ત્યારબાદ શાળાનાં તમામ વિદ્યાર્થીઓ દ્વારા ગામના વિવિધ વિસ્તારોમાં સિંહ જાગૃતિ અભિયાનનાં ભાગરૂપે સૌ વિદ્યાર્થીઓએ સિંહનાં મ્હોરા પહેરી બેનર સાથે રેલી યોજી સિંહ એ આપણા દેશનું ગૌરવ છે તેમનું જતન અને રક્ષણ કરવું એ આપણી નૈતિક જવાબદારી છે. તે અંગે ગ્રામજનોને માહિતગાર કર્યા હતા. ત્યારબાદ શાળાનાં પટાંગણમાં સૌ વિદ્યાર્થીઓએ સિંહનાં જતન માટે સંકલ્પ લીધો હતો. સૌએ સાથે મળીને સિંહનાં જતન માટેની ફિલ્મ નિહાળી હતી. આજના કાર્યક્રમને સફળ બનાવવા માટે વાઘણીયા ગામના સરપંચ બીલાભાઈ પડસારીયા, શાળાનાં મનિષાબેન ચત્રોલા, મંજુલાબેન નારીયા, પૂર્વીબેન ધામત, ભરતભાઈ પરમાર તેમજ ગ્રામજનો હાજર રહ્યાં હતા.

# હાથસણી ગામે ''મારી માટી મારો દેશ'' કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા, તા. ૧૧

આઝાદીનાં અમૃત મહોત્સવ અંતર્ગત સમગ્ર દેશમાં ૩૦ ઓગસ્ટ ૨૦૨૩ સુધી 'મારી માટી મારો દેશ', માટીને નમન વીરોને વંદન. ' કાર્યક્રમ યોજાય રહેલ છે.

અમરેલી જિલ્લામાં પણ ઉપરોકત રાષ્ટ્રવ્યાપી મહાઅભિયાનને જબરજસ્ત પ્રતિસાદ સાંપડી રહેલ છે. ત્યારે આજરોજ હાથસણી ગામે અનેરા માહોલ વચ્ચે 'મારી માટી મારો દેશ', 'માટીને નમન વીરોને વંદન'. કાર્યક્રમ યોજાયેલ.

જેમાં માતૃભૂમિનાં વીર અને વિરાંગનાઓ અને રાષ્ટ્રની માટીને વંદન કરવામાં આવેલ. રાષ્ટ્રગાન, ધ્વજવંદન તેમજ હાથમાં માટી લઈને પંચ–પ્રાણ–પ્રતિજ્ઞા લેવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન હાથસણી પ્રાથમિક શાળા કરવામાં આવેલ.

# વાંકીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સર્ગભા કેમ્પ યોજાયો



વાંકીયા, તા. ૧૧

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાંકીયા ખાતે સર્ગભા તપાસ કેમ્પ યોજવામાં આવેલ હતો. આ સર્ગભા તપાસ કેમ્પ માટે ખાસ રાધીકા હોસ્પિટલ ખાતેથી સ્ત્રીરોગ નિષ્ણાંત ડો. અવનીબેન ઘેલાણી (એમ.બી.ડી.જી.ઓ.) આવેલ હતા. જેઓએ ૩૫ થી વધુ સર્ગભા બહેનોની તપાસ કરેલ હતી. સર્ગભા બહેનોની લેબ તપાસ તુર્ષાબેન સાદરાણી દ્વારા કરવામાં આવેલ હતી.

જરૂરિયાત વાળા બહેનોને પ્રોટીન પાવડરનાં ડબ્બા અને લોહીનાં ટકા વધારવા માટે શિક્ષણ પણ આપવામાં આવેલ હતી. જરૂરી દવાઓ રીધ્ધીબહેન ચાવડા દ્વારા આપવામાં આવેલ હતી.આ સંપૂર્ણ કેમ્પનું સંચાલન ડો. કીરણબેન શેલડીયા અને ડો. દેવાંગ બાલધા દ્વારા કરવામાં આવેલ હતું. જરૂરિયાતવાળા બહેનોને મફત સોનોગ્રાફી માટે પણ મોકલવામાં આવેલ હતા. તથા સ્ટાફનર્સ બહેન ઉષાબેન પરમાર, પરીતાબહેન બોરીચા દ્વારા પણ કેમ્પમાં સહભાગી થયેલ હતા. બહેનોને આરોગ્ય શિક્ષણ ડો. કીરણબહેન શેલડીયા દ્વારા આપવામાં આવેલ હતું. અંતે આ કેમ્પ ખુબ જ સફળ થયેલ હતો. ગામોનાં આશા બહેનો દ્વારા પણ વિવિધ ગામોથી સગર્ભા બહેનોની સાથે આવેલ હતા. અને કેમ્પ સફળ બનાવવા સહભાગી થયા હતા.

હવે રાધિકા હોસ્પિટલમાં વાહન અકસ્માત (એક્સિડન્ટ) થયેલ ફ્રેકચરોનાં ઓપરેશનો તદ્દન મફતમાં...
ઓર્થોપેડીક વિભાગ મુખ્યમંત્રી માં અમૃતમ (વાત્સલ્ય) કાર્ડ તથા પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત કાર્ડમાં હવે ઘુંટણ, થાપા અને ખંભાના ઘસારા માટે જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરીનાં ઓપરેશન તદ્દન મફતમાં
ડૉ. અંકિત ગાબાણી
એમ.એસ.(ઓર્થો). એમ.બી.ડી. (ઓર્થો)
કન્સલટન્ટ ઓર્થોપેડીક,
જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ સ્પાઈન સર્જન
ટ્રોમા કેર
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી
સ્પાઈન સર્જરી
ઈલીઝારોવ સર્જરી
ઓર્થોસ્કોપી
- દરેક પ્રકારનાં હાડકાનાં ફ્રેકચરની અધતન સારવાર - ઘુંટણ, થાપા અને ખંભાના ઘસારા માટે જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી (TKR,THR,TRR) - કમરનાં મણકાની ગાદીનાં દુખાવા, કમરનાં મણકાનાં ફ્રેકચરના ઓપરેશન
- હાડકાની રસી તથા ટુંકા પગ લાંબા કરવા માટે રશીયન ટેકનોલોજીથી ઈલીઝારોવ ઓપરેશન - ઘુંટણ અને ખભાની ગાદીનાં ઓપરેશન - જન્મજાત ખોડખાપણવાળા બાળકોના ઓપરેશન.
ઈમર્જન્સી સારવાર ૨૪ કલાક
પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત યોજનાના કાર્ડ ધારકોને મફત ઓપરેશન
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
NCT NETRA CHIKITSA TRUST
રાધિકા મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ)
ચિતલ રોડ, દત મંદિર પાસે, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૧૬/૨૨૮૯૦૪

## જિલ્લા ભાજપનાં પૂર્વ પ્રમુખ ડો. ભરત કાનાબારનું હૃદયસ્પર્શી ટ્વીટ

# "હર ઘર તિરંગા" તો ફરકાવીએ જ પણ "હર દિલ મે તિરંગા કયારે ?"

**જાહેર બાંધકામ નબળુ થતું હોય તો આમ જ ચાલે છે એમ કહી પલાયનવાદી થવાનું બંધ કરો તો માનજો કે તમારા દિલમાં તિરંગો ફરકે છે**

**કોઈ ટોળુ સરકારી મિલ્કતને નુકસાન કરતું હોય ને તમારા હૃદયમાં શેરડા પડે તો માનજો કે તમારા દિલમાં તિરંગો ફરકે છે**


**બનાવટી દસ્તાવેજથી સરકારી યોજનાનો લાભ મળી શકતો હોય તો તેનાથી દૂર રહો તો માનજો કે તમારા દિલમાં તિરંગો ફરકે છે**

**રિશ્વત આપવાથી તમારૂ કામ જલ્દીથી પતી જતુ હોય અને તે સમયે લાંચ ન આપો તો કહી શકાય કે તમારા દિલમાં તિરંગો ફરકે છે**

અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લા સહિત સમગ્ર દેશમાં "હર ઘર તિરંગા" કાર્યક્રમનું આયોજન થયું છે. દેશવાસીઓ હોંશે હોંશે "તિરંગો" ફરકાવવા ઉત્સાહિત છે. તેવા જ સમયે જિલ્લા ભાજપનાં પૂર્વ પ્રમુખ ડો. ભરત કાનાબારે એક હૃદયસ્પર્શી ટવીટ સોશ્યલ મીડિયામાં વાયરલ કરેલ છે.

તેઓએ જણાવેલ છે કે, કોઈ જાહેર બાંધકામ નબળું થતું દેખાય ત્યારે "આ તો આમ જ ચાલે" અથવા તો "આપણે શું કામ માથાકૂટ કરવી" એમ કહી પલાયનવાદી બનવાને બદલે "આવું તો હું નહી જ ચલાવી લઉં" એ ખુમારી બતાવો ત્યારે માનજો કે તમારા દિલમાં તિરંગો ફરકે છે.




કોઈ ટોળું સરકારી મિલ્કતને નુકસાન કરતું જુવો ને તમારા હૃદયમાં શેરડો પડે અને શકય હોય તો તમે આમ ના કરવા સમજાવવાની હિંમત દાખવો તો માનજો કે તમારા દિલમાં તિરંગો ફરકે છે.

ખોટા ડોકયુમેન્ટથી કે થોડું આઘું પાછું કરવાથી કોઈ સરકારી યોજનાનો લાભ તમને સહેલાઈથી મળી જાય તેમ હોય પણ નિયમ મુજબ તમે તેના હકદાર ના હોય ત્યારે તે લાભો કે સહાય મેળવવાની લાલચ રોકી શકો તો ચોકકસપણે તમારા દિલમાં તિરંગો ફરકે છે.

રિશ્વત આપવાથી તમારું કામ જલ્દી પતી જતું હોય ત્યારે પણ લાંચ આપવાને બદલે વિલંબ સહન કરી લ્યો અથવા તમારું વ્યાજબી કામ પતાવવા કોઈ પૈસા માંગે તો મકકમતાથી તેનો ઈન્કાર કરી દયો તો કહી શકાય કે તમારા દિલમાં તિરંગો ફરકે છે.

આઝાદીના અમૃતકાળમાં ચાલો આપણે સૌ સાથે મળીને ભારતના કરોડો ઘરોની સાથે સાથે કરોડો નાગરિકોનાં દિલમાં તિરંગો ફરકતો રહે તેવા વતાવરણનું નિર્માણ કરીએ તેમ અંતમાં જણાવેલ છે.

## સ્પે. પોકસો કોર્ટનાં ન્યાયધિશ વાય.એ. ભાવસારે આકરી સજા ફટકારી

# અમરેલીમાં સાડા ત્રણ વર્ષ પહેલાં અલગ–અલગ તરૂણીઓ ઉપર બળાત્કાર કરનાર બે આરોપીને આજીવન કેદની સજા

**ફરિયાદી પક્ષે સરકારી એડવોકેટ જે.બી. રાજગોરની દલીલો સફળ રહી**

અમરેલી, તા. ૧૧

અમરેલીનાં બાયપાસ રોડ ઉપર આવેલ એક લોટનાં કારખાનામાં કામ કરતાં બે અલગ અલગ આરોપીએ ત્યાં કામ કરતી બે અલગ અલગ તરૂણીઓ ઉપર લગ્ન કરવાની લાલચ આપી સાડા ત્રણ વર્ષ પહેલા બળાત્કાર ગુજારેલ હોય. આ અંગે જે તે સમયે પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી અને આ અંગેનો કેસ અત્રેની સ્પે. પોકસો કોર્ટમાં ચાલી જતાં બન્ને આરોપીને કસુરવાન ઠરાવી આરોપીને જીવનનાં અંતિમ શ્વાસ સુધીની જેલની સજા અને રૂા. ૯૭–૯૭ હજાર દંડની સજાનો હુકમ કર્યો હતો.


એડવોકેટ

આ બનાવમાં અમરેલીનાં લાઠી રોડ બાયપાસ રોડ ઉપર આવેલ પ્રેમવતી લોટનાં કારખાનામાં કામ કરતાં અને મુળ મહુવા તાલુકાનાં મોટા ખુંટવડા ગામે રહેતા અમરનાથ ઉર્ફે મીત નારણનાથ રાઠોડ નામના શખ્સે અમરેલીમાં રહેતી એક તરૂણીને લગ્ન કરવાની લાલચ આપી તરૂણીની ઉપર ગત ફેબ્રુઆરી ૨૦૨૦માં બળાત્કાર ગુજાર્યો હતો.

જયારે અમરેલીનાં બહારપરામાં રહેતા અને હીરા ઘસવાનું કામ કરતા આરોપી કમલેશ માવજીભાઈ સરીયા નામનાં ઈસમે પણ અલગથી એક બીજી તરૂણી ઉપર લલચાવી ફોસલાવી બળાત્કાર ગુજારેલ હતો.

આ બન્ને બનાવ અંગેનો કેસ અત્રેનાં ૪થા અધિકસત્ર ન્યાયધીશ અને સ્પે. જજ પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકિલ જે.બી. રાજગોરની ધારદાર દલીલોને માન્ય રાખી સ્પે. પોકસો કોર્ટનાં ન્યાયધીશ વાય.એ. ભાવસારે બન્ને આરોપીને

અનુસંધાન પાના ૬ ઉપર




## રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગનો નિર્દેશ

# અમરેલીમાં અનુ.જાતિનાં બાળકોનાં છાત્રાલયનાં મકાનની વ્યવસ્થા કરો

**સામાજિક કાર્યકર્તા કાંતિલાલ પરમારે રજૂઆત કરેલ**

અમરેલી, તા. ૧૧

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ, દિલ્હી ધ્વારા અમરેલી ખાતે અનુસૂચિત જાતિના બાળકોના માટે ડો. બાબાસાહેબ આંબેડકર કુમાર છાત્રાલયનું બિલ્ડીંગ નવું બનાવવા અને બાળકોના અભ્યાસ માટે રહેવાની વૈકલ્પિક વ્યવસ્થા કરવા બાબતે કાર્યવાહી કરવા નિર્દેશ.

અમદાવાદ સ્થિત માનવ અધિકાર કાર્યકર્તા કાંતિલાલ પરમાર

અનુસંધાન પાના ૬ ઉપર

## ઉચ્ચ અધિકારીઓ વાતાનૂકુલિત કચેરીમાંથી બહાર આવીને કયારેક તપાસ કરે

# હે રામ : જનતા જનાર્દનનાં પરસેવાનાં નાણાથી ચાલતાં સેવા સદનમાં મધપુડા, બેફામ ગંદકી અને પાણીનો વ્યય

**મીડિયા જગતે અનેક વખત અહેવાલ પ્રસિધ્ધ કર્યા છતાં જૈસે થે**



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧૧

મધમાખીનું ઉછેર કેન્દ્ર હોય તેવા મસમોટા મધપુડા ગીરગઢડા સેવા સદનનાં મુખ્ય દરવાજાની ઉપરનાં ભાગે તેમજ અન્ય પાંચ જગ્યાએ ખૂબ મોટા પ્રમાણમાં મધપુડા છેલ્લા ઘણા સમયથી લાગેલા છે. સેવા સદનમાં તાલુકા પંચાયત અને મામલતદાર કચેરીનાં કર્મચારીઓ અને ગામડેથી મોટા

અનુસંધાન પાના ૬ ઉપર




*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)